કલા, કારીગરી અને કૌશલ્યને ઉજાગર કરતું માસિક • ૧૦, માર્ચ ૨૦૨૨ | ₹ ૩૦

વિશ્વકર્મા વિશ્વ

દેશભરમાં વિશ્વકર્મા જયંતીની ઉજવણી

રાજકોટ, અમદાવાદ, સુરત, સાવરકુંડલામાં સમુહ લગ્નોત્સવ યોજાયો

શ્રી રાજકોટ ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા શ્રી વિશ્વકર્મા જયંતી - સમુહ લગ્નોત્સવ યોજાયો

વિશ્વકર્મા જયંતીએ રાજકોટના વિશ્વકર્મા પ્રભુજી મંદિરે હજારો લોકો ઉમટી પડયા હતા. સાંજે કેળવણી મંડળ ખાતે પણ આરતી કરવામાં આવી હતી.

કેળવણી મંડળ ખાતે સમુહલગ્નોત્સવના ઉદઘાટન પ્રસંગે શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, ધનસુખ ભંડેરી, પુષ્કર પટેલ, પ્રમુખ રસીકભાઈ બલ્લકિયા અને મુકેશભાઈ વડગામા, અમૃતલાલ ભારદીયા, વિનય તલસાણિયા વગેરે.

નવદંપત્તિઓને આશીર્વાદ આપતા કિશોરભાઈ જાદવાણી, ચમનભાઈ ગોવિંદીયા, મહેશભાઈ વડગામા, જયુભાઈ તલસાણિયા, અમૃતલાલ ભારદીયા, મહેશભાઈ વડગામા, જયંતીભાઈ તલસાણિયા વગેરે. **(તસવીરો : પ્રવીણ ગજજર)**

VISHWAKARMA VISHAWA
(GUJARATI-MONTHLY)
RNI REGD. NO.GUJGUJ/2013/49269

Volume No.-11, Issue No.2
Date : 10-03-2022

Page : 36
Retail Price Rs.30/-
Annual Subscription Rs. 300/-

Editor : Pravin Dayaljibhai Gajjar (Bhadeshia)

Graphic Design : Amit Vaghela

Web Editor : Parth Gajjar

Marketing : Rameshbhai Vaghasana

Office : Vishwakarma Vishwa, Ramy Publication, 320, Heera Panna Complex, Dr. Yagnik Road, Rajkot-360001. Ph. 0281-2461858

Editor-Publisher-Owner & Printer: Pravin Dayaljibhai Gajjar (Bhadeshia), Printed & Published at Ramy Printers, 'Meghavi', R.M.C. Nagar, Near Jain Boarding, Airport Road, Rajkot-360007, (Gujarat)

E-mail: vishwakarmavishwa@yahoo.com
Web: vishwakarmavishwa.com
www.fb.com/vishwakarmavishwa

'વિશ્વકર્મા વિશ્વ'માં પ્રકાશિત થતી વાંચન સામગ્રીમાં વ્યક્ત થતા વિચારો જે–તે લેખકના છે. એની સાથે તંત્રી/સંપાદક હંમેશા સંમત જ છે તેમ માનવું નહીં. કાનૂની ક્ષેત્ર રાજકોટ રહેશે.

તંત્રી સ્થાનેથી...

વિશ્વકર્મા વંશજ જાગૃતિ અભિયાન અંતર્ગત વિશ્વકર્મા રથ અને પદયાત્રા

ધર્મ જાગૃતિ અને સંગઠન માટે અનેરી પહેલ

આજે પટેલ સમાજ સહિતના સમાજો સંગઠીત થઇ રહયા છે. અને સંગઠનના જોરે સરકાર પાસે પણ ધાર્યુ કરાવી રહયા છે ત્યારે ગુજરાતનો વિશ્વકર્મા પરિવાર પણ સંગઠનની તાકાત ઉભી કરે તો તેનો સમાજના સર્વાંગી વિકાસ માટે ઉપયોગ થઇ શકે. વિશ્વકર્મા વંશજ કે જેની તાકાત જરા પણ ઓછી આંકી શકાય તેમ નથી. આવા વિશ્વકર્મા વંશજોનું એકત્રીકરણ કરવાના ઘણા પ્રયાસ થયા છે. પરંતુ ગત મહિને અમદાવાદની સંસ્થા શ્રી સૌરાષ્ટ્ર ગુર્જર સુતાર જ્ઞાતિ યુથ ફોરમ પ્રેરિત વિશ્વકર્મા વંશજ જાગૃતિ અભિયાન દ્વારા શ્રી શાંતિભાઇ ખોડદીયાએ અમદાવાદથી ચોટીલા સુધીની 'વિશ્વકર્મા રથ' સાથેની ૨૦૦ કિ.મી. પદયાત્રા કરીને વિશ્વકર્મા વંશજોમાં જાગૃતિ લાવવાની સાથે સંગઠનના મંડાણ કરીને વિશ્વકર્મા વંશજોની એકતા અને ધર્મપ્રચાર માટે એક નવી કેડી કંડારી છે. આ કેડી ધીમે ધીમે વિશ્વકર્મા વંશજોના સંગઠન માટેનો રાજમાર્ગ બની રહે તેવી શકયતા નકારાતી નથી.

વિશ્વકર્મા વંશજ જાગૃતિ અભિયાન અંતર્ગત યુથફોરમના પ્રમુખ શાંતિભાઇ ખોડદીયાએ અમદાવાદથી ચોટીલા સુધી વિશ્વકર્મા રથ સાથે જે પદયાત્રા તેમાં રસ્તામાં આવતા સાણંદ, વિરમગામ, લખતર, ડોળીયા જેવા સ્થળોએ, ભોજન અને રાતવાસો થયો અને મિટીંગો પણ થઇ. ૧૨ તારીખે પદયાત્રા ચોટીલા પહોંચી અને ૩૦૦ લોકોનું સંમેલન પણ થયું.

વિશ્વકર્મા જનજાગૃતિ અભિયાન અંતર્ગત વિશ્વકર્મા રથ સાથેની આ પદયાત્રા તો પાશેરીમાં પેલી પુણી છે. શાંતિભાઇ ખોડદીયાના નેતૃત્વમાં ૧૮ થી ૨૦ માર્ચ દરમ્યાન અમદાવાદથી ડાકોર ૮૫ કિ.મી.ની પદયાત્રા અને ડાકોરમાં ૧૦૦૦ લોકોનું સંમેલન થશે અને ત્યારબાદ મે ના અંતમાં અમદાવાદથી ઇલોરગઢ સુધીની ૮૦૦ કિ.મી. પણ પદયાત્રા થશે. અને વિશાળ સંમેલન પણ થશે. આમ ચોટીલાથી શરૂ થયેલ ધર્મપ્રચાર અને સંગઠન માટેનો યજ્ઞ ઇલોરગઢ પહોંચશે અને ત્યારબાદ ડીસેમ્બર પહેલા ચોટીલામાં વિશ્વકર્મા વંશજોનું સંમેલન થશે અને આગળની રણનીતિ કરવામાં આવશે.

આજે જયારે વિશ્વકર્મા પ્રભુજીના ધર્મપ્રચાર અને સંગઠનની તાતી જરૂરીયાત છે. ત્યારે શ્રી શાંતિભાઇ ખોડદીયા અને સાથીદારોએ શરૂ કરેલ વિશ્વકર્મા રથયાત્રા અને પદયાત્રાના માધ્યમથી સમાજમાં જાગૃતિ અને સંગઠનની તાકાત ઉભી થાય તેવી વિશ્વકર્મા પ્રભુજીને પ્રાર્થના સાથે...

જય વિશ્વકર્મા...

◆ પ્રવિણ ગજ્જર

નોંધ : વિશ્વકર્મા વિશ્વમાં પ્રસિદ્ધ થતી વાંચનસામગ્રીનો અમારી પરવાનગી વગર ઉપયોગ કરવો નહીં નહીંતર કાયદેસરના પગલા લેવાશે તેની નોંધ લેવી. - **તંત્રી**

જિંદગી સંતુલનના ત્રણ નિયમો

ડો. વિષ્ણુ પ્રજાપતિ



એક ઉંડો વિચાર પ્રકૃતિ પર કરીએ તો તેની કેટલી અદભૂત રચના છે. વિશાળ અને વિવિધતાસભર રંગો, સ્વાદ, દ્રશ્યો કે અવાજો આપણે દરરોજ માણીએ છીએ. બદલાતી ઋતુઓ સમયે પ્રકૃતિ તેના આગવા મિજાજને પ્રસ્તુત કરે છે. વસંત, ફાગણ અને વર્ષા જેવી વિવિધતાના આપણે સૌ સાક્ષી રહ્યાં જ છીએ. પ્રકૃતિ હંમેશા પોતાનું આપમેળે જ સંતુલન કરતી રહી છે. સંતુલન કરવું તેની પોતાની પ્રકૃતિમાં છે. ગરમી, ઠંડી જેવા વાતાવરણના આયામો હોય કે પર્વતો કે ખીણોની ભૌગોલિક સ્થિતિ. હિમવર્ષાની ઠંડક હોય કે અગન જ્વાળાઓના જ્વાળામુખી... આ દરેક સ્થિતિ તેના સંતુલનનો જ એક ભાગ છે. પ્રકૃતિ તરફ બારીક નિરીક્ષણ કરીશું તો ખ્યાલ આવશે કે તેને દરેક વસ્તુનું ચોક્કસ સંતુલન આપમેળે જ કરેલું છે. જેમકે અજવાળું પાથરતા દિવસોની સાથે કાળી ડિબાંગ અંધારી રાતો પણ આપી છે, સુગંધ સામે દુર્ગંધ પણ આપી છે, ફુલોની મખમલી મુલાયમતા છે તો ક્યાંક કાંટાળી કઠોરતા પણ છે, મનગમતા રંગોની સુંદરતા છે તો ક્યાંક સાવ ફિક્કા રંગોના મિશ્રણો પણ છે, કોઇક ફળોમાં મીઠા મધુરા સ્વાદની રેલમછેલ છે તો ક્યાંક કડવા રસના કારેલા પણ છે. ગમા અણગમાંને સહેજ બાજુ પર રાખીને આ નિરીક્ષણ કરીએ તો પ્રકૃતિ કોઇ એક જ પ્રકારની કે એકધારી નિયતીને પસંદ નથી કરતી. પરિવર્તન લાવવા અને અનૂકૂલનતા મેળવવી તે પ્રકૃતિમાં સહજ રીતે યુગો યુગોથી ચાલ્યા જ કરે છે.

સંતુલન પ્રકૃતિનો મૂળભૂત સિધ્ધાંત છે. જે ગ્રહો પર આ પ્રમાણે સંતુલન નથી ત્યાં જીવન આજે પણ શક્ય નથી. અર્થાત સંતુલન સુખમય જીવનની શરૂઆત છે. શૂન્યવકાશ કે એક પ્રકારના જ વાતાવરણમાં જીવને ટકાવી રાખવો મુશ્કેલ છે એટલે પ્રકૃતિ પરિવર્તિત થતી રહે છે અને સંતુલિત પણ થતી રહે છે. પ્રકૃતિનો મુખ્ય ધ્યેય તેના પર નભતા દરેક જીવંત જીવોને જાળવી રાખવાનો જ છે. ખુદ જીવ આ સમતુલન કે બદલાવની પ્રક્રિયાને અવગણે છે ત્યારે જ વિકૃતિનો જન્મ થાય છે. પ્રકૃતિ તેના સ્વભાવથી તદ્દન વિરુદ્ધ જન્મેલી આ વિકૃતિ સામે પણ લડતી રહે છે. તેની આ લડત તેના ધ્યેયને પૂર્ણ કરવા માટેની જ હોય છે.

જીવનમાં પણ આ સંતુલનનો સિધ્ધાંત પ્રકૃતિના નિયમોને જ અનુસરે છે. આપણી અંદર રહેલી કોઇક અગમ્ય ઊર્જાશીલ દૈવી વસ્તુ સતત પ્રકૃતિ સાથે રહીને તેના નિયમો આપણને સમજાવતી રહે છે. જેમ પ્રકૃતિ પોતાનું સંતુલન બનાવી રાખે છે તેમ આપણે પણ દરેક સ્થિતિમાં સંતુલન બનાવી રાખવું પડે છે. જે વ્યક્તિ આ સંતુલન જાળવી રાખવામાં નિષ્ફળ જાય છે તેના ખુદનું જીવન વિખરાતા ઝાઝી વાર નથી લાગતી.

આપણે પ્રકૃતિ અને વ્યક્તિ વચ્ચેના સંતુલન નહી પણ ખુદના સંતુલનના સિધ્ધાંતોને ત્રણ ઉદાહરણ દ્વારા સમજીએ.

સંતુલનનું પહેલું ઉદાહરણ છે ત્રાજવું. દુકાનદાર કે શાકવાળાના એક હાથે લટકતા પેલા ત્રાજવાને જોજો... તે એક તરફ તમે માંગેલા વજનનું વજનીયું રાખે છે અને બીજી તરફ તમે માંગેલી વસ્તુ કે પદાર્થને તમે ચૂકવેલા નાણાંના સપ્રમાણ ઉમેરતો જાય છે. આપના મૂલ્યના સપ્રમાણ વસ્તુ તોલમાપમાં બેસી જાય, બન્ને ત્રાજવા અને વચ્ચેનો કાંટો સમાંતર બને એટલે તમને તમારી ઇચ્છિત વજનની વસ્તુ તમને આપી દે છે... એટલે કે એકતરફ વજન અને બીજી તરફની વસ્તુઓનું સંતુલન થાય પછી તે આપણને મળે છે. હવે વિચારીએ કે જો આપણે માંગેલ વસ્તુના વજન કરતા તે ઓછા વજનનું વજનીયું મુકે તો શું થાય ? સ્વાભાવિક છે કે આપણને ઓછા વજનની વસ્તુ મળે અને જો તેની જાણ આપણને થાય તો રકઝક કે ઝઘડો શરૂ થાય. બીજી સ્થિતિ એમ થાય કે વજનીયું બરાબર હોય પણ યોગ્ય સંતુલન કર્યા વિના તમને પધરાવી દે તો... ? તમને મનમાં શંકા રહ્યા કરે કે તેને કંઇક ચીટીંગ કર્યુ છે. અર્થાત આ પ્રકારની સંતુલનની અનેક સ્થિતિમાંથી આપણે પસાર થયા છીએ. ભગવાન અને આપણી વચ્ચે આ પ્રકારનું સંતુલન સતત ચાલ્યા જ કરે છે. આપણે આપણી ઇચ્છાઓ લઇને અવારનવાર તેની પાસે જઇએ છીએ. આપણે પ્રાર્થનાઓ દ્વારા આપણી માંગણીઓ રજૂ કરીએ છીએ. હા, આ સમયે સામેના દુકાનદાર કે

ત્રાજવા ભલે અદ્રશ્ય હોય પણ તોલમાપ શરુ તો થઇ જ જાય છે. ભગવાન આપણી તમામ ઇચ્છાઓને તેના એક ત્રાજવામાં મુક્યા જ કરે છે અને તેને ખુદે મુકેલા વજનીયા બરાબર તમારી ઇચ્છાઓ પ્રત્યેના કર્મો પૂર્ણ થાય છે એટલે સંતુલન બની જાય છે અને તે ક્ષણે જ તે પ્રાર્થનાઓ ફળીભૂત થાય છે. જો તમારા કર્મ અને ઇચ્છાઓનો તાલમેલ બરાબર નહી હોય, માત્ર પ્રાર્થનાઓનું જ જોર હોય અને કર્મ પ્રત્યે કોઇ અભિરૂચી નહી રાખો તો ભગવાન તમારૂં ત્રાજવું ભરાય ત્યાં સુધી રાહ જુએ છે. આ સંતુલનનો નિયમ કોઇના માટે ક્યારેય બદલાતો નથી. આસ્તિક હોવું કે નાસ્તિક હોવું તેમાં ભગવાનને કોઇ ફર્ક પડતો નથી. પ્રકૃતિ આપણને ઘણું બધું આપવા જ માંગે છે, તે આપણી પાસે ક્યારેય કશું માંગતી નથી... પણ આપણે તો તોલમાપ આપણી મરજી મુજબ થાય તેની જ ઇચ્છા રાખતા હોઇએ છીએ.

પ્રકૃતિના સંતુલનનો પ્રથમ નિયમ : વ્યક્તિએ કરેલી પ્રાર્થનાઓ કે ઇચ્છાઓ તેના કાર્યોને સપ્રમાણ બને છે ત્યારે જ ઇશ્વર તેની ઇચ્છાઓને પરિપૂર્ણ કરે છે.



સંતુલનની પ્રક્રિયાનું બીજું ઉદાહરણ છે લોલક : જુની ઘડિયાળોમાં નીચે લટકતું લોલક આપણે સૌ જાણીએ છીએ. આપણને એમ લાગે કે લોલકમાં ક્યાં સ્થિરતા છે ? હા તે સત્ય છે. સંતુલન એટલે સ્થિર હોવું જરૂરી નથી. લોલક તેના મધ્યબિંદુથી બન્ને તરફ આમ તેમ એકસરખી ગતિ કરે ત્યારે ઘડીયાળ બરાબર ચાલે છે. બન્ને તરફ સમાન અંતરે ગતિ કરી તેને તેના આવર્તનો પૂર્ણ કરવા પડે છે. સતત આવર્તનો કરવા અને પુનઃ પુનઃ મૂળ સ્થિતિને પ્રાપ્ત કરતા જવું તે પણ સંતુલનનો જ પર્યાય છે. આપણે જીવનના એક મધ્યબિંદુએ આપણી જિંદગી રાખીએ તો તેની એકતરફ સુખનું સામ્રાજ્ય અને બીજી તરફ દુઃખનો પડછાયો હોય છે. જીવનની સફરમાં સુખ અને દુઃખ બન્ને તરફના આંદોલનો કરવા પડે છે અથવા આપોઆપ થતા રહેતા હોય છે. આપણે ફક્ત સુખ તરફ લટકી કે અટકી શકીએ ખરાં ? સુખના દીર્ઘ સમય બાદ દુઃખના આવર્તનમાં જવું તે પણ પ્રકૃતિનો જ એક ભાગ છે. પહેલા આ વ્યક્તિને ખૂબ જ સુખ હતું અને હવે તો જુઓ દયા આવે તેવા દુઃખો તેના જીવનમાં આવી ગયા છે. મહાન રાજાઓને રંક થતા પણ આપણે જોયા છે, અને રંકમાંથી રાજા બની ગયેલા અનેક ઉદાહરણો આપણી સમક્ષ છે. આ બધુ પ્રકૃતિના સુખ દુઃખના આંદોલનોનો જ એક ભાગ છે. આ આંદોલનો ચાલ્યા જ કરે છે. ફક્ત એક તરફની એટલે કે સુખ તરફની જ ગતિ માણસને સુખી બનાવી શકતી જ નથી. જ્યારે દુઃખના પડછાયામાંથી સુખના અજવાળામાં આવે ત્યારે જ તો આપણને સુખની મજા આવે છે. એકદમ તરસનું દુઃખ અનુભવ્યા પછી પાણી પીવાનું સુખ કે રાત્રીના ઉજાગરા વેઠ્યાં પછી ઓટલા પર આવી જતી ગાઢ ઉંઘ અદભૂત આનંદ આપી જતી હોય છે. યાદ રાખો કે જિંદગી સુખ દુઃખના આંદોલનો વચ્ચે જ જીવવાની મજા આવે છે. સંઘર્ષ વિના મળતા સુખમાં એટલી મજા નથી આવતી જેટલી તકલીફો વેઠીને સુખ મેળવ્યું હોય...! જીવનના કેન્દ્રબિંદુની આસપાસ સુખ-દુઃખ, આશા-નિરાશા, સફળતા-નિષ્ફળતા વગેરે આવ્યા જ કરે છે અને જિંદગી ચાલ્યા જ કરે છે.

પ્રકૃતિના સંતુલનનો બીજો નિયમ : સુખ અને દુઃખ એકમેકની સામસામે છે. બન્નેનો ટકરાવ જ દુઃખદાયક છે. સુખથી ટેવાઇ ન જશો અને દુઃખમાં ખોવાઇ ન જશો.

સંતુલનનું ત્રીજુ એક ઉદાહરણ છે સ્પ્રિંગ. આપણે સ્પ્રિંગ સાથે ઘણું રમ્યા છીએ. તેની મૂળ સ્થિતિથી તે દબાઇ પણ શકે છે અને તે ખેંચાઇ પણ શકે છે. તેના પર દબાણ કે ખેંચાણ રાખીએ ત્યાં સુધી તે પોતાના નવા સ્વરૂપમાં પરિવર્તિત રહે અને આ દબાવ કે ખેંચાણ દૂર કરી દઇએ ત્યારે તે ફરી આપોઆપ પોતાની મૂળ સ્થિતિમાં આવી જાય. દુઃખના દબાણ અને ખુશીઓના ખેંચાણો જીવનમાં આવ્યા જ કરશે. સુખથી ફેલાઇ જઇશું અને દુઃખથી દબાઇ જઇશું તે સ્થિર સ્થિતિ નથી. આ બન્ને સ્થિતિ એક સમયે બદલાઇ જવાની છે. જીવનના મૂળ કેન્દ્રબિંદુ પર આવેલી સાનુકૂળ કે વિપરીત પરિસ્થિતિ હટી જશે કે તરત ફરી આપણે મૂળ રુપમાં આવી જઇશું. આ મૂળ સ્વરુપ એ જ તો આપણી પ્રકૃતિ છે. સ્પ્રિંગના સંતુલનના નિયમથી એટલું સમજવું જોઇએ કે ખુશીઓના ખેંચાણ હોય કે દુઃખના દબાણ બન્ને આપણી મૂળ પ્રકૃતિના બદલાતા અસ્થાયી સ્વરુપો છે નહિ કે સ્થાયી જીવન.

પ્રકૃતિના સંતુલનનો બીજો નિયમ : સુખના સમંદર કરતા દુઃખના ખાબોચીયા હંમેશા મોટા લાગે છે. બન્નેની વચ્ચે રહેલા મીઠા પાણીનો આનંદ જ શ્રેષ્ઠ જિંદગી છે.

પ્રકૃતિ દરેક સ્થિતિમાં હંમેશા સંતુલિત બનવાનો પ્રયત્ન કરતી જ રહે છે. જીવનમાં પણ કાયમ અનૂકૂલન બનવું તેના કરતા સંતુલિત બની જવામાં વધુ આનંદ અને અપાર સુખ છે.

છોટુભાઈ દામજીભાઈ વાલંભિયા
૯૭૧૪૭ ૮૮૮૫૭
મહેશભાઈ વાલંભિયા
૯૮૨૫૨ ૮૮૮૫૭
મુકેશ વાલંભિયા
૯૭૧૨૯ ૮૮૮૫૭
ભાવેશ વાલંભિયા
૯૮૨૫૭ ૮૮૮૫૭
વાલંભિયા
બોડી બિલ્ડર્સ
દરેક જાતના ટ્રક બોડી, કેબીન
TATA S, TATA L.P.,
લેલન્ડ, ડમ્પરના સ્પેશ્યાલીસ્ટ

જકાતનાકા સામે, દેવાભાઈના ગેરેજની બાજુમાં,
વીરાણી અઘાટ, ઢેબર રોડ(સાઉથ), રાજકોટ.
ફોન : (ઓ.) ૨૩૭૧૦૭૯
ભુલો ભલે બીજું બધું પણ મા-બાપને ભુલશો નહી

પરફેક્ટની પરિભાષા

કોમલ ડી. બકરાણિયા



હજુ હમણાં જ અમારા પાડોશીને મેં વાત કરતા સાંભળ્યા કે પેલાની વાઇફની લાઇફ કેટલી પરફેક્ટ છે હે ને ! બસ કશું જ કામકાજ નહીં અને આખો દિવસ આરામ જ ફરમાવાનો અને આપણે તો કામમાં જ આખો દિવસ પસાર કરીએ છીએ... વાતો સાંભળતા જ થોડીવારમાં પેલી યુવતી ત્યાં આવી અને કહ્યું કે મને તો મારી એક ફ્રેન્ડની લાઇફ વધારે પરફેક્ટ લાગે છે જે સવારથી સાંજ જોબ કરે છે અને પોતાની ઈન્ડેપેન્ડસ ને માણે છે. મને વાતો સાંભળીને એ જ વિચાર આવ્યો કે આપણ ને ક્યાંક ને ક્યાંક બીજા લોકોની લાઇફ વધારે પરફેક્ટ લાગતી હોય છે એવું નથી લાગતું તમને? માણસ ના મનમાં એવા વિચારો અવારનવાર આવતા જ હોય છે કે આ ડોક્ટરની લાઇફ તો જો કેટલી પરફેક્ટ છે, પેલા બિઝનેસમેનની લાઇફ તો જો કેટલા જલસા છે...પરંતુ હકીકતમાં પરફેક્ટની પરિભાષા શું છે?

પરફેક્ટની પરિભાષા દરેકે વ્યક્તિ માટે અલગ અલગ હોવાની છે જેમકે હાઉસ વાઇફ હોય, સ્ટુડન્ટ હોય કે પછી કોઈ પણ વ્યવસાયનો માણસ હોય બધા માટે પોતાની પરફેક્ટ લાઇફ ની પરિકલ્પના અલગ જ હોવાની. આપણ ને કોઈ પણ વસ્તુ પરફેક્ટ ક્યારે લાગવાની? જ્યારે એ તમારા પરિપેક્ષ અને આશા-અપેક્ષાને જલદીથી પૂર્ણ કરે...જેના પરિણામે તમે ખુશ થવાની લાગણી અનુભવો...રાઇટ ? પરંતુ દરેક વસ્તુના સિક્કાની બે બાજુની જેમ પ્રોસ કોન્સ હોવાના છે... તો જ્યારે તમે એક નવી શરૂઆત કરી રહ્યા હોય અને મનમાં આપણે એવા મનોરથ ઘડી ચૂક્યા હોય કે બધું પરફેક્ટ જ થવું જોઈએ ત્યારે એ માનસિક તૈયારી રાખવી કે રોડ ક્યારેય સાવ સીધો નથી હોતો એમાં પણ બમ્પર આવે છે. "Nothing is permenant" તમારૂ સુખ કે દુ:ખ કશું જ કાયમી નથી એ થોડા સમય માટે જ હોય છે.

કલર્સ ઓફ લાઈફ

ખરેખર જોવા જઈએ તો ''પરફેક્ટ'' એ કોઈ શબ્દ નથી પણ મનની એક સ્થિતિ છે જે માણસ જાતે જ બનાવે છે અને સમયની સાથે સાથે સતત બદલાતી રહે છે. માણસોને ઘણી વખત લાગતું હોય છે કે પૈસાથી લાઇફ પૂર્ણ પરફેક્ટ થઈ જાય છે. પૈસા વગર લાઇફના ચાલે એમાં કોઈ શંકાને સ્થાન નથી પરંતુ ફક્ત પૈસાથી જ બધું મળી જાય એવું પણ થવાનું નથી. પૈસાની સાથે સાથે પોતાના લોકો સાથેના મીઠા સંબંધો, એકબીજા માટેની લાગણી અને એક હેતુ જે દરરોજ જે સવારે તમને એક ઉત્સાહ સાથે જગાડે અને તમને આનંદપૂર્વક જીવવા માટે સતત પ્રેરે... આનો સમનવય તમારી લાઇફને પરફેક્ટ અને સંપૂર્ણ બનાવામાં મદદ કરશે. પરફેક્ટલી વિચારો કે તમારા માટે અને તમારા મત પ્રમાણે પરફેક્ટ શું છે. ખુશ રહો અને જિંદગીને મન મૂકીને માણતા રહો.

રિએકશન..!

અનિલ ખારેચા

દરેક એકશનનુ રિએકશન તો હોયજ પછી તે શબ્દો,મૌન કે આક્રમકતા સ્વરૂપે મળે જ પરણીત લોકોને તો આ રોજનુ થયુ, ન કહેવાય ન સહેવાય ત્યારે મ્હોના હાવ ભાવ પરથી પણ રિએક્શન જાણાઇ જ જાય ! યૂક્રેનની અકડતાનુ રિએકશન રશિયાએ હુમલો કરી બતાવ્યું તો નિર્જીવ શેરબજાર પર પણ રિએકશન આવ્યુને ઘણાના મુડી સાથે બીપી લો થતા પાછુ તેનુ પેટા રિએકશન આવ્યુ ! પણ રિએકશન હંમેશા ખરાબ ન હોય આ 'પુષ્પા'નુ જ જુઓને ફિલ્મની લંબાઈ કરતા પણ લાખોગણી લંબાઈની રિલો, ટીકટોક આવ્યા, યુવાનોનો ઠીક પણ કમ્મરથી બેવડા વળી ગયેલા પરિણીત પુરુષો પણ વિડિયો બનાવે મે જુકેગા નહી ! ભાઇ હવે જુકવામા શું બાકી છે ! પણ રિએકશન આપવામા પાછા ન પડે ! ત્યારે એમ થાય કે સાલુ સરકાર કોઇ કાયદો કે નવી યોજના લોકો સુધી પહોંચાડવા અરબોના ખર્ચ કરે તોયે છેવાડાના લોકો સુધી તો ન જ પહોંચે પણ આ ''બદામ...બદામ''ને જુકેગા નહી કેવી વિસ્ફોટક રીતે પહોંચી જાય છે ! મોદીજી યુપીમાં બોલે ને તુરંત સારુ કે ખરાબ પણ રિએકશન સમગ્ર દેશના આવેજ ખાસ તો સોશ્યલ મિડીયા થકી. શેર બજાર ટુટેને સોનામાં ઉછાળો આવે બંને નિર્જીવ હોવા છતા એ પ્રતાક્રિયા તો થાય!

ઘણી પ્રતિક્રિયાઓ રસપ્રદને રોમાંચક પણ હોય શકે છે, આપણી ઇચ્છા ન હોવા છતા તેને કંટ્રોલ કરવી પડે છે, જેમકે કોઈ પ્રસંગે રસોઇ બકવાસ હોવા છતા ઘરધણી પુછે કેવી છે તો સારી જ કહીએ છીને ?, પત્ની પિયર જતી હોય ત્યારે મન મોર બની ભલે થનગાટ કરતુ હોય છતા ચહેરા પર ખુશી ન દેખાડવી એ પણ એક કલા જ છે ! ક્લાસ રૂમમાં થતા અહિંસક વિસ્ફોટ વખતે ઘણા વિદ્યાર્થીઓને હસવુ આવતુ હોવાની છતા નીચુ મ્હો રાખી હસી લે છે, તેમાંય જો શિક્ષકને ખબર પડે તો વળી બીજુ રિએકશન આવે તેમાં પણ જો તે વિસ્ફોટ શિક્ષકે કર્યો હોયને પેલો હસે તો પછી શિક્ષકનુ રિએકશન આક્રમક જ હોય! બધી જ ન્યુઝ ચેનલો આજે ક્રિયા પ્રતિક્રિયા પર જ નભે છે.

પણ બહેનોનુ રિએકશન અહિંસક હોવા છતા અચુક અસર કારક હોય છે! કોઇ પ્રસંગે અન્ય સ્ત્રી સુંદર ડ્રેસ પહેરીને આવી હોય તો બીજી સ્ત્રી તેને ઇગ્નોર કરી અન્ય સ્ત્રી તરફ જોઇ હોઠ લાંબા કરી હસી લે છે ને પેલીને સાયલેન્ટલી કહી દે છે કે ઠીક છે હવે ! ઘણા પેરેન્ટસ બાળકોને વઢતા કહે તુ તોફાની થઈ ગયો છો તો હવે બાળક પણ તુરંત રિએકશન આપે 'તુ તોફાની છો'! બિચારા પેરેન્ટસ ચુપ થઈ જાય કારણકે તે પણ જાણતા હોય કે આ કંપની ફોલ્ટ છે ! ઘણી સ્ત્રીઓને તો આંમા એક કાંકરે બે પક્ષી મારતા પણ આવડતુ હોય છે, પતિની ભુલ થાય તો કહી દે તમે પણ સાવ બા જેવા જ છો અવરા ! એક સાથે બંનેને ટાર્ગેટ કરે ! ચલો મારી કોફી કયારની તૈયાર પડી છે ને રસોડામાંથી શ્રીમતી આંખોથી કહી રહ્યા છે કે લખવાનુ મુકો સગલી ઠરી જશે નીચે પડેલો કપ લઇલો. મને પણ મન થાય છે કે આજે તો કંઇજ દવ

'મે જુકેગા નહી' પણ હિંમત નથી થતી ! કારણ કે પછીના રિએકશન ની મનેજ ખબર છે..!

ઈડિયટની અટારીએથી

મનાલી ટ્રેકિંગ -૧

પ્રફુલ્લ ધોરેચા

એપ્રિલ, મે મહિના આવવાની તૈયારીમાં છે. જે લોકોને ટ્રેકિંગમાં જવું હોય અને પહેલીવાર જતા હોય, તેમને આ લેખ ઉપયોગી થશે. એકદમ ઝીણું કાંતીને લેખ તૈયાર કર્યો છે, તો બેસ્ટ લક.

'અબ તુમ્હારે હવાલે યે 'તન' સાથીયો - લી. પાર્ટીસીપંટો યાને કી મનાલી ટ્રેકિંગ માટે નીકળી પડેલા મરજીવાઓ.' જયારે મનાલી ટ્રેકિંગ જવા માટે અમારી બસે રાજકોટ છોડ્યું ત્યારે મનાલી ટ્રેકિંગ ગ્રુપમાં મોકલેલો પહેલો મેસેજ.

થોડા દિવસો પહેલા અમે કુટુંબીજનો ચર્ચા કરતા હતા. દેવલ (મારો પુત્ર) કહે 'પપ્પા તમે મનીલા રિવાન અને રોહન (પૌત્રો) સાથે ટ્રેકિંગમાં જશો ? હું ફેક્ટરીના અગત્યના કામને હિસાબે નીકળી શકું તેમ નથી. જો કે છોકરાઓને એકલા પણ મોકલી શકાય, કેમ કે ભરતભાઈ કામલીયા અને આનંદાબેન સાથે ગ્રુપમાં મોકલવામાં કોઈ જ તકલીફ નથી, તેમ છતા રોહન (૧૨ વર્ષ) હજુ થોડો નાનો છે તો તમે હો તો એને ઠીક પડશે અને એ બહાને તમો પણ ડુંગરા ખુંદી આવશો જે તમારો શોખ છે. અને ત્યા પણ છેક ભૃગુ લેક સુધી જવું ફરજીયાત નથી, જઈ શકાય તેટલું જવું બાકી વચ્ચેના મુકામે આરામ પણ કરી શકો છો.' અને મને તો ભાવતું'તું ને વૈદ્યે કહ્યું.

આ રીતે અમારા મનીલા ટ્રેકિંગના શ્રી ગણેશ થયા. ત્યા દેવલને વિચાર આવ્યો કે મમ્મીને પણ મોકલીએ, ચલાય તો ઠીક છે નહીતર વચ્ચે મુકામ તો છે જ. ખબર પડતા મારા સાળા નરુ યાને કી નરેન્દ્ર ખંભાયતાના વાઈફ વીણા પણ આવવા તૈયાર થઇ ગયા. તો બીજા સાળા પ્રવીણભાઈની પુત્રી શ્વેતા પણ તૈયાર. એટલું કન્ફર્મ તો થઇ ગયું, તો બે દિવસ પછી નરુ કહે હું પણ આવીશ. તપાસ કરતા અમદાવાદ દિલ્હી રાજધાની એક્સપ્રેસની ટીકીટ પણ મળી ગઈ. આમ નિકલે થે અકેલે , ચલતે ચલતે બન ગયા કારવાં.

૨૮ અપ્રિલ ૨૦૧૯, સવારે ૧૧:૦૦ કલાકે રાજકોટ છોડ્યું ત્યારે મે ઉપરનો મેસેજ ગ્રુપમાં મુક્યો.સાચી જ વાત છે હવે તમારે હવાલે આ 'શરીર', મારો કે જીવાડો. ટ્રેકિંગનો મારો આ પહેલો અનુભવ અને એ પણ ૭૦ વર્ષે ! નીકળી પડ્યા મરજીવાઓ. ગ્રુપમાં આયોજક ભરતભાઈ તથા આનંદાબેન સાથે ૬૩ પાર્ટીસીપન્ટસ સાથે. બીજે દિવસે સવારે ૭:૩૦ કલાકે નવી દિલ્હી. બસ દ્વારા ત્યાંથી પહોંચ્યા સિવિલ લાઈન્સ મુકામે આવેલ ગુજરાતી સમાજે. ડોરમેટરીનો પણ આ પહેલો અનુભવ. એક મોટા હોલમાં બધા મન પડે તેમ પોતાના સામાન સાથે આડાઅવળા ગોઠવાઈ ગયા. નાહ્યા ધોયા. સવારે નાસ્તો, બપોરે લંચ વિ. પતાવી સાંજે ૭:૦૦ કલાકે વોલ્વો બસ દ્વારા મનાલી જવા રવાના. બસ બે હતી, પણ અમારી બસને થયું કે આ બધા નીકળી પડ્યા છે અને મનાલી પહોંચ્યા પછી કોઈ મને યાદ નહિ કરે, તો કંઇક ચમત્કાર તો બતાવવો જ પડશે અને બતાવ્યો ! રાત્રે ૨:૦૦ કલાકે બસ ખોટવાણી. ત્રણેક કલાક પડ્યા રહ્યા બસમાં તે સવારે ૫:૦૦ વાગ્યે બીજી બસમાં મેળ પડ્યો. આ રીતે અમારે એ બસને યાદ રાખવી જ રહી. ત્યાંની બસમાં દરેક સીટ પર એક કંબલ મુકેલ હોય છે જે ખરેખર ખુબ કામ આવ્યો. સવારે ૭ વાગ્યે રસ્તામાં નાસ્તો વિ. પતાવી બપોરે ૧:૩૦ વાગ્યે મનાલી.

વશિષ્ઠ એરિયામાં બારોબાર જંગલ જેવા વિસ્તારમાં સાત ટેન્ટ ઉભા કર્યા હતા. એક ટેન્ટમાં દસ વ્યક્તિનો સમાવેશ કરવાનો હતો. એ ઉપરાંત પાંચેક નાના ટેન્ટ ટોઇલેટ માટે. એક ટેન્ટ સામાન માટે. હવે અમારું સાતનું ફેમીલી ગ્રુપ હતું તે અમોને એક ટેન્ટ સોંપી દીધો. લંચ વિ.પતાવ્યું, ત્યા બોસ કહે કે ચલો જોગણી ફોલ માટે નીકળવાનું છે. અમારી બસ મોડી પડવાથી સવારના બદલે બપોરે અહિ પહોંચ્યા તેથી આરામનો સમય જ ના રહ્યો.

એક તો થાક્યા પાક્યા, બસની આખી રાતની મુસાફરી, પણ નીકળી પડ્યા બધા જરા પણ હિચકિચાટ વગર. એ જંગલની પગદંડી પર ચાલતા, આનંદ કરતા, ગીતો લલકારતા ફોલ સુધી આરામથી પહોંચી ગયા. મીના તથા વીણાને એ પથરાળ કેડી ઉપરાંત લગભગ ૧૦૦૦ ફીટ ની હાઈટ પર ચાલવાની તકલીફ તો ખરી, પણ ગ્રુપના સ્ટાફમાં રહેલી વ્યક્તિ બિનોદનો પુરો સપોર્ટ. બન્ને મેડમોને છેક સુધી હાથ પકડી આરામથી પથરા ઠેકાવતા ફોલ સુધી પહોંચાડ્યા ખરા !

થોડાક થાક્યા પણ બહુ જ મજા આવી. અને એ ધોધ પાસે પહોંચતા જ બધો થાક ઉતરી ગયો. ધોધની એકદમ નીચે તો ન જઈ શક્યા પણ તેની એટલી નજીક તો ગયા કે તેની વાછટથી પુરેપુરા પલળી ગયા. આંખોમાં એક અનેરી ઠંડક છવાઈ ગઈ. અને અંધારુ થતા પહેલા તો તંબુએ પાછા પણ આવી ગયા. વાળુ પાણી પતાવી ટેન્ટમાં રાખેલ સ્લીપિંગ બેગમાં ઘુસ્યા તો સીધી સવાર.

આજે ચોથા દિવસે સવારમાં પહેલા તો પહોંચ્યા વશિષ્ઠમાં આવેલા ગરમ પાણીના કુંડ પર નહાવા માટે, જે અમારા બેઝ કેમ્પથી ૧૦ મિનિટના રસ્તે હતો. પાણી એટલું ગરમ કે એમ થાય કે દાઝી જઈશું ! આ પણ કુદરતની કરામત છે ને ? ક્યાં બહાર હાજા ગગડાવતી કાતિલ ઠંડી અને ક્યાં આ કુંડનું દઝાડી નાખે તેવું લાગતું ગરમ પાણી ! પગ બોળ્યા કે તરત પાછા ખેંચી લીધા. નહાવું કે ન નહાવું તે વિચારમાં હતા ત્યાં દેવલે કહેલું યાદ આવ્યુ કે 'ભલે ગમે તેવી ઠંડી હોય, અને પાણી ભલે ગમે તેટલું ગરમ હોય પણ એકવાર ડીલ ઝબોળ્યુ કે પછી બહાર નીકળવાનુ મન નહિ થાય, પણ એટલું યાદ રાખજો કે ૧૦-૧૫ મિનિટથી વધારે સતત એ સલ્ફરવાળા પાણીમાં પડ્યા ન રહેતા, નહીતર સલ્ફરવાળા ગરમ પાણીને હિસાબે લોહી ગરમ થવાથી વોમીટીંગ અને ચક્કર આવવા જેવી અસર થઇ શકે છે. હવે હિંમત કરીને શરીરને તો નાખ્યું પાણીમાં. અને અડધી મિનિટ તો એ ગરમ પાણી જરા વસમું તો લાગ્યું પણ પછી બહાર નિકળે એ બીજા. પણ પાછી ચેતવણી હતી એટલે પંદરેક મિનિટમાં તો બહાર નીકળી ગયા. થોડીવાર બહાર રહીને ફરી કુંડમાં પાડવાની છૂટ તો હતી પણ પછી ન ગયા. ઠંડી પણ અડધો કલાક માટે ક્યાં ગાયબ થઇ ગઈ ખબર ના પડી. પણ પછી એ જ ઠંડીએ પોત પ્રકાશ્યું. મંડી દાઢી ડગમગવા ! બોલીએ તો મોમાંથી વરાળ. પણ મજા પડી ગઈ.

પાછા ફર્યા બેઝ કેમ્પમાં. ચા-નાસ્તો પતાવીને નીકળી પડ્યા મનુ મંદિર સર કરવા. થોડું લાંબુ ચાલવાનું હોવાથી મીના અને વીણા સીધા હડીમ્બા મંદિરે વાહન દ્વારા પહોંચવાના હતા. અમે લોકો, થોડું ચઢાણ, ક્યાંક ઉતરાણ, ક્યાંક સાવ નાની પગદંડી કે જ્યાં ખુબ સાવચેતીથી ચાલવું પડે એવા રસ્તે નીકળી પડ્યા. બેઝ કેમ્પથી સાત આઠ કિ.મિ. દૂર આવેલા મનુ મંદિર પહોંચ્યા લગભગ દોઢ બે કલાકે. અને ૧૫-૨૦ મિનિટનો વિશ્રામ લઈ હડીમ્બા તરફ ગાડી મારી મૂકી. હવે કહેવાય કે ગાડી મારી મૂકી પણ ગાડીમાં પેટ્રોલ જ ક્યાં હતું ? ધક્કા મારી મારીને જ પહોંચવાડવાની જ હતી. હડીમ્બા મંદિરે. અને પહોંચવું પણ જરુરી હતું કેમ કે બપોરનું લંચ ત્યાંજ હતું. થાકતા, થાક ખાતા હાંફતા પહોંચ્યા બીઆસને કિનારે કે જ્યાં અમારામાંથી મોટા ભાગના લોકોએ નદીના બન્ને કિનારે બાંધેલા રોપ દ્વારા સરકીને નદીની વચ્ચે જઈ કુદકા મારતા નદીમાં પગ બોળવાના હતા તે બોળી આવ્યા. બહુ મજા કરી એ લોકોએ. એ પછી ૧૫/૨૦ મિનિટના અંતરે આવેલા હડીમ્બા મંદિરે પહોંચ્યા, જ્યાં છોલે પુરીનું લંચ તૈયાર હતું. જમીને મનાલી માર્કેટમાં ફર્યા. થોડી ખરીદી કરી. અને સાંજ પાડી દીધી. રાત્રી મુકામ બેઝ કેમ્પમાં.

પાંચમે દિવસે સવારે ચા નાસ્તો પતાવી થોડું ચાલીને પછી વાહન દ્વારા પહોંચ્યા સોલાંગ. પેરાગ્લાઈડીંગ અને બીજી રમતોની વ્યવસ્થા હતી પરંતુ અમારો આગામી મુકામ કોઠી હતો, જ્યાં રૂ. ૨૦૦૦/- માં પેરાગ્લાઈડીંગ થતું હતું, જયારે સોલાંગમાં રૂ. ૩૫૦૦/- ભાવ હતો. મે મહિનામાં ટુરીસ્ટોની સીઝન હોવાથી લગભગ ઓફ સીઝન કરતા બમણા રેટ હતા. તેથી સોલાંગમાં મોટી ઉમરના લોકોએ બે કલાક આરામ કર્યો અને નાની ઉમરના બધા જ અંજની મહાદેવના દર્શને ગયા, જે ડુંગર લગભગ ચોટીલા જેટલો ઉંચો હશે.

ફરી થોડું ચાલ્યા, જ્યાંથી વાહન મળી શકે અને સુમો દ્વારા પહોંચ્યા ૯૦૦૦ ફીટ ઉંચે આવેલા કોઠી મુકામે. ત્યાં પણ હેન્ડબેગ સાથે એકાદ કિ. મિ. ચાલીને કેમ્પ પર પહોંચ્યા. ભાજી પાઉંનું લંચ તૈયાર હતું. ભુખ પણ કકડીને લાગી હતી એટલે ભાજી પાઉને પુરો ન્યાય આપ્યો. થાકી તો ખુબ ગયા હતા અને કોઠી મુકામે આવેલા મકાનમાં (જ્યાં અમારે ત્રણ રાત વિતાવવાની હતી) બધા માટે પલંગ રજાઈ અને કંબલ તૈયાર હતા, ચપોચપ રજાઈ ઓઢી બપોરની ગાઢ નિંદ્રામાં સરી ગયા.

સાંજે અમે થોડાક લોકોએ એકાદ બે કિ.મિ. ચાલીને થોડું વરસાદને કારણે પલળેલું બળતણ એટલે કે સુકી ડાળીઓ ભેગી કરી, જે રાત્રે કેમ્પ ફાયર માટે જરુરી હતી.. એ સાંજે ભજીયાની પણ મિજબાની માણી. રાત્રે એ ભેગુ કરેલું બળતણ સળગાવી ફરતે ગોઠવાઈ ગયા, બળતણ થોડું પલળેલું હોવાથી સળગતા વાર પણ લાગી તેમજ ધુમાડો પણ થયો, પણ એકંદરે માણવા જેવી તો ગરમી મળી જ. અને પછી ત્યાં જ જમાવટ કરી અંતાક્ષરીની. ચાલુ અંતાક્ષરીએ સૂપની મજા પણ માણી. રાત્રે ડીનરમાં વઘારેલી ખીચડી હતી, પણ અમારા જેવા કેટલાક લોકોને પથારી અને રજાઈ જ દેખાતા હતા. તે વહેલુ પડે સવાર.

(વધુ વિગતો આવતા મહિને.)

કેન્યા-ઈસ્ટ આફ્રિકા સુતાર સમાજનો ગૌરવવંતો ઈતિહાસ

રેખા પેશાવરીયા

આપણી જ્ઞાતિના ઐતિહાસિક દસ્તાવેજો અનુસાર, ગુર્જર સુતાર કારીગરોએ કેન્યામાં લગભગ ૧૮૭૮ / ૧૮૮૦ ની સાલથી આવવાની શરુઆત કરેલ. ત્યારે કેટલાક ભાઈઓ વહાણમાં બેસી ને ખુબજ અઘરી મુસાફરી કરીને આ દેશમાં આવ્યા હતા. એ અરસામાં, સુતારકામ કરવામાં માત્ર ગુર્જર સુતાર જ હતા. અને તેઓએ ઉત્સાહ, જાતમહેનત, ખંત, બુદ્ધિ, પ્રામાણિકતા અને ધૈર્ય થી આગળ વધીને કારખાના સ્થાપી કારીગીરીના ઉદ્યોગની શરૂઆત કરી. તેઓએ સુતારી કારખાનાની સ્થાપના ફક્ત ફર્નીચર, અથવા મકાન નિર્માણ માટે જ નહિ, પરંતુ તે સમયની જરૂરિયાતોને પૂરી પાડવા માટે, જેવીકે ઘોડાગાડી, બળદગાડાં, અન્ય વાહનો, તેમજ જયારે કેન્યા - યુગાન્ડા રેલવેનું બાંધકામ ૧૮૯૬ માં શરૂ થયું ત્યારે તેના માટે કેરેજીસ ડબ્બા, બનાવવા તથા તેને લગતું અન્ય કાષ્ટનું કામ કરવા માટે સુતાર ભાઈઓનો ફાળો હતો.

''સાહસ વિના સિદ્ધિ નથી'' એ કહેવતને સિદ્ધ કરવા અમુક ભાઈઓએ બીલ્ડિંગ કન્સ્ટ્રક્શન ઇન્ડસ્ટ્રીના દ્વાર ખુલા કર્યા. તેમાના પ્રગતિશીલ વિચાર ધારા ધરાવતા શ્રી લાલજી વિશ્રામ એન્ડ કંપનીનું નામ અગ્રેસર છે જેની સ્થાપના ૧૯૦૪ની સાલમાં કરી.

એ સમય દરમ્યાન આપણા કેટલાક આગેવાન ભાઈઓએ પાયોનિઅર્સ વિચાર્યું કે એકાદ સંસ્થા સ્થાપીએ કે જેથી અહિં વસતા આપણા જ્ઞાતિભાઈઓને અને બીજા આપણા આવનાર કારીગરોને મદદરૂપ તેમજ માર્ગદર્શક થઇ શકે. આમ એક વિચારધારા વહેતી થઇ અને તેને સાકાર કરવા જે મહાનુભાવોએ અધિક ફાળો આપેલ તેનો, પાછલો ઇતિહાસ તપાસતા તેઓના નામની સૂચિ મળી છે :--

માસ્તર દામોદરદાસ વાઘજી સાચાણીયા, શ્રી લાલજી વિશ્રામ બામરોલીયા, શ્રી ધનજી માવજી બકરાણીયા, શ્રી જાદવજી ધનજી વઘાડીયા શ્રી નારણ પરબત વડગામા, શ્રી ખીમજી મનજી મેસવાણીયા, શ્રી રામજી લક્ષમણ કરગથરા, શ્રી હરિ બેચર મેસવાણીયા, શ્રી સવજી મનજી વાલંભીયા, શ્રી કારા જીણા પંચાસરા, શ્રી રાજા જાદવ પીસાવાડિયા, શ્રી વીરજી નાનજી ખંભાયતા, શ્રી લાલજી કારા વઘાડીયા, શ્રી ભીમજી નારણ ભારદીયા વગેરે આગેવાન ભાઈઓએ દીર્ઘદ્રષ્ટિ વાપરીને ગુર્જર સુતાર સંસ્થાની સ્થાપના કરી. થોડાજ વર્ષ બાદ, ૧૯૧૪ ની સાલમાં સંસ્થા કાયદેસર રજિસ્ટર થઇ. એવા પણ મહાનુભાવો હતા કે જેઓ ખુબજ સાથ સહકાર જ્ઞાતિને આપીને પાછા સ્વદેશ જતા રહ્યા જેવાકે, શ્રી કાળુ જીવા ખંભાયતા, શ્રી પુરષોત્તમ પ્રેમજી પેશાવરિયા, વગેરે.

આમ આ સંસ્થાએ ૨૦ વર્ષ પહેલા વાવેલ બીજમાંથી ૧૯૨૦ ની સાલમાં પહેલું જ્ઞાતિનું મકાન બાંધ્યું જેથી જ્ઞાતિ મંડળ વ્યવસ્થિત બન્યું અને એક નાની સરખી જ્ઞાતિએ પહેલ કરીને નાઇરોબીમાં પહેલવહેલું મકાન ઉભું કર્યું એમ કહી શકાય. ઉપરાંત ભાગ્યવસાત કોઈ પણ જ્ઞાતિબંધુ આફતમાં આવી પડે તો તેને સહાયરૂપ થવાના કાર્યો પણ સંસ્થાએ હાથ ધરેલ.

કોઈ પણ જ્ઞાતિના ઉત્કર્ષ માટે વિદ્યા અને જ્ઞાનની પ્રાથમિક જરૂરિયાત ગણાય અને પુસ્તકોની માનવીના જીવનઘડતર પર નિર્ણાયક પ્રભાવ પડે છે એમ સમજીને સંસ્થાએ ૧૯૨૧ માં આપણી પોતાની પુસ્તકાલય લાઈબ્રેરી સ્થાપીને અભૂતપૂર્વ સિદ્ધિ પ્રાપ્ત કરી. આમ આપણી જ્ઞાતિ આ દેશમાં પ્રથમ પુસ્તકાલય સ્થાપવાનું પણ માન ખાટી ગઈ. આ પુસ્તકાલય ને

મૂર્તસ્વરૂપ આપવામાં અગ્રણી સ્વ. શ્રી હરિભાઈ બેચર મેસવાણીયાએ જે મહેનત કરેલ તેને આપણે ભાવભીની અંજલિ આપિએ.

જેમ જેમ જ્ઞાતિ ભાઈઓની સંખ્યા વધતી ગઈ અને જ્ઞાતિની પ્રવૃત્તિ વધતી ગઈ, તેમ મકાન નાનું પડવા લાગ્યું જેથી નવેસરથી જૂનું મકાન પાડી નવું મકાન બાંધવાનો વિચાર વહેતો થયો. આમ સાહસવૃત્તિથી પ્રેરાઈને આપણા જ્ઞાતિબંધુઓએ સંપૂર્ણ સહકાર અને સંગઠન વડે ચાર માળની ઇમારત ૧૯૫૨ માં ખડી કરી. તેમાં ભોંયતળિયે ત્રણ દુકાનો, પહેલે માળે મુખ્ય સભા ખંડ, બીજે માળે બાલ્કની, ત્રીજે માળે પુસ્તકાલય હોલ અને તેની ઉપર અગાશી. જ્ઞાતિની આધ્યાત્મિક અને ધાર્મિક જરૂરિયાતોને પુરી પાડવા મુખ્ય સભાખંડમાં એક ગોખલો બનાવી તેમાં વિશ્વકર્મા પ્રભુની છબી રાખી જે જ્ઞાતિના એક ચિત્રકારેજ બનાવી હતી, અને ૧૯૫૫ માં દાદાની મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા કરીને સ્થાપિત કરી. તે ઉપરાંત રમતગમત સ્પોર્ટ્સની સાધનસામગ્રી પણ વસાવેલ જેવી કે ડાર્ટ્સ, બેડમીન્ટન, કેરમ, સ્નૂકર વગેરે.

આ મકાન પૂરું થયું તે દરમ્યાન આપણી ગુર્જર સુતારની સંખ્યા નાઇરોબીમાં લગભગ ૧૫૦૦ / ૧૬૦૦ની હતી. આમ આ મકાન ૧૬ વર્ષ વાપર્યા બાદ સૌએ વિચાર્યું કે બીજી કોઈ સારી મોટી જગ્યા લઇ લેવી. તેથી ૧૯૬૮માં એ મકાન વેંચીને બીજું એક રહેણાકનું મકાન ૧૯૬૯માં ખરીદ્યું. તેમાં જોઈતા પૂરતા સુધારા કરી ૧૩ વર્ષ સંસ્થાનું કાર્ય ચલાવ્યું. ત્યારબાદ જ્ઞાતિબંધુઓએ એક નિર્ણય લીધો કે તેજ જગ્યામાં નવેસરથી જોઈતી સગવડ ધરાવતું તદ્દન નવું મકાન બાંધવું.

૧૯૮૧માં જ્ઞાતિજનોના તેમજ અન્ય હિતેચ્છુઓની પ્રોત્સાહન તેમજ નાણાકીય સહાયથી નવું મકાન બાંધવાનું શરૂ કર્યું. આમ એક અલ્પ સંખ્યા ધરાવતી આપણી જ્ઞાતિએ સાંસ્કૃતિક, સામાજિક અને ધાર્મિક કેન્દ્ર, ઓક્ટોબર ૧૯૮૨ માં તૈયાર કર્યું જેનું નવું નામ આપ્યું, ''ગુર્જર સુતાર વિશ્વકર્મા મંદિર''.

આ હાલના જ્ઞાતિ મકાનમાં સગવડતાનો સમાવેશ આ પ્રમાણે છેઃ-- હવા ઉજાસ વાળું બેઇઝમેન્ટ, તેના ઉપર મોટો સભાખંડ જેમાં સ્થાપિત વિશ્વકર્માનું મંદિર છે. પ્રવેશદ્વાર આગળ એક પરસાળ, બે નાના ઓરડા, પાછળના ભાગમાં એક રસોડું એની સાથે બે સ્ટોર રૂમ. સ્ત્રીઓ અને પુરુષો માટેના વોશરૂમ, તેની ઉપરના માળમાં સંસ્થાની કમિટી રૂમ તથા પુસ્તકાલય, બે રહેવાના ફ્લેટ, બીજા માળે બે બીજા ફ્લેટ તથા ખુલ્લી અગાશી.

આપણા સામાજિક અને દરેક ધાર્મિક પ્રસંગો આ મકાનમાં ઉજવાય છે જેવાકે મુખ્ય વિશ્વકર્મા જયંતિ, તેમજ મહાશિવરાત્રી, બોર ચોથ, જન્માષ્ટમી, નવરાત્રી, દશેરા યજ્ઞ, દીપાવલી / નૂતનવર્ષ, તુલસી વિવાહ વગેરે. જ્ઞાતિજનોને અનુકૂળ આવે તેમ વેવિશાળ અને લગ્ન પ્રસંગો પણ ઉજવાય છે. તે ઉપરાંત, દર સોમવારે જ્ઞાતિના બહેનો થકી સત્સંગ કરવામાં આવે છે જે આજે લગભગ ૪૮ વર્ષથી ચાલે છે તે એક આનંદની વાતછે. આજે સમસ્ત જ્ઞાતિના સભ્યોની સંખ્યા નાઇરોબીમાં લગભગ ૨૫૦ ની છે.

અહિં કેન્યા, ઇસ્ટ આફ્રિકાની ગુર્જર સુતાર સંસ્થા લાંબો પ્રગતિનો પ્રવાસ ખેડી, પૂર્વજોના સિદ્ધાંતોને અનુસરી, આપણી સાંસ્કૃતિક પરંપરાનું જતન કરી, વિશ્વકર્મા પ્રભુના આર્શીવાદ સાથે, જે વાસ્તવિક સ્થાન પર પહોંચી છે તે અતિ ગૌરવશાળી કહેવાય. ઇતિહાસના પાના પર અંકિત થયેલી મહાનુભાવોની ભવ્ય મૂર્તિઓ મનઃચક્ષુ સામે ખડી થાય ત્યારે હૈયું એમને અહોભાવથી નમી પડે છે.

એ પ્રેરણામૂર્તીઓની દીર્ઘદ્રષ્ટિ, પ્રચંડ પરિશ્રમ અને પ્રબળ પુરુષાર્થ ને અંતઃકરણથી અંજલિ આપી, સદા કૃતજ્ઞતા વ્યક્ત કરીને, આવનાર પેઢી અવિરત વિકાસને પંથે આગળ વધે એજ અભ્યર્થના. ઇતિ શુભમ.

શ્રમ સિદ્ધિથી સમૃદ્ધિ તરફ...

કિર્તીકુમાર વિશ્વકર્મા

હું કારીગર છું સાહે,
આંગળીઓથી એને ઘડું છું
અમ માટીના પુતળાઓને બનાવ્યા જેણે
એને સ્વયંની જેમ મઢું છું
કોને ખબર કયારે એની આંખો ખુલે
અને એ એકવાર મને જુવે
આ જ વિચારું છું રોજ દિવસમાં હું,
અને રોજ રાતે એની સાથે લડું છું.
શરીર આ મારું પીંજરું થઇ ગયું
એની રાહ જોતા-જોતાં
છતાં પણ હાર ન માન્યો હું
આજ ફરી સ્વયંની વાત પર અડગ છું.

સ્વયંની પરિશ્રમથી સંપૂર્ણ વિશ્વને સુખ-સુવિધા પ્રદાન કરનાર શ્રમજીવી બ્રહમા સમાન છે. જેમ કહેવાય છે કે બ્રહમાએ સ્વયંના સંકલ્પોથી સૃષ્ટિનું નિર્માણ કર્યું. એ જ પ્રમાણે એક શ્રમજીવી બ્રહમા સમાન સ્વયંના મનમાં કાર્યના નકશાને એક મૂર્ત રૂપ પ્રદાન કરે છે અને સ્વયંના ઓજારોને ધનુષ્ય સમાન સાધીને કાર્યનું લક્ષ્યભેદી તીર ચલાવે છે. તેના જ શ્રમ અને ઉધમથી કારખાનાઓ ચાલે છે. મોટી-મોટી ઇમારતોનું નિર્માણ થાય છે. ભવન બનાવવાનું હોય, રાજમાર્ગોનું નિર્માણ કરવાનું હોય, વસ્ત્રો બનાવવાના હોય કે પછી શસ્ત્રો બનાવવાના હોય, એ દરેકમાં અનેક બ્રહમાસમાન ડીઝાઇનર્સ, કોન્ટ્રાકટર્સ, કારીગરો અને મજુરોનું યોગદાન હોય જ છે જે એને સફળ બનાવે છે. એક શ્રમજીવીના જ કઠિન પરિશ્રમથી જ આ વિશ્વ ગતિશિલ છે, ભારત દેશ પોતાની ઉત્તમ કળા-કારીગરી માટે વિશ્વ વિખ્યાત છે. અહીંના મંદિરો, મહેલો, કિલ્લાઓ, બગીચાઓ વગેરે જોવા આજે વિશ્વભરમાંથી અનેક લોકો આવે છે અને એને જોઇ આશ્ચર્યચકિત થાય છે.

પરંતુ આજે એ જોઇને ઘણી નિરાશા થાય છે કે આવું અનોખું નિર્માણ કરનારા શ્રમજીવીઓનું જીવન વ્યસનો અને વિકારોથી ગ્રસિત છે, જેને કારણે એ શ્રમજીવીનું જીવન તનાવપૂર્ણ અને દુ:ખી બની ગયું છે.

એક સમય હતો જયારે સર્વ શિલ્પીઓના પિતામહ ભગવાન વિશ્વકર્મા એક દિવસના સમયગાળામાં જ એક વિશાળ સ્વર્ણમહેલનું નિર્માણ કરી લેતા હતાં. શાસ્ત્રોમાં એના પાંચ પુત્રોનો ઉલ્લેખ આવે છે જેના નામ ક્રમશઃ છે - મનુ, મય, ત્વષ્ટા, શિલ્પી અને દૈવજ્ઞ. વાયુ પુરાણ અધ્યાય-૪માં એ ઉલ્લેખ કરેલો છે કે એ પાંચ પુત્રોના જે સંતાનો થયા એ બધા ભૃગુકુળમાંથી ઉત્પન્ન થયેલા બ્રાહમણ કે પાંચાલ બ્રાહમણ કહેવાયા. આજ આપણા સર્વ શિલ્પીઓ એના જ વંશજ છે.

પણ જેમ-જેમ સમય પસાર થતો ગયો. ઇતિહાસમાં મુલ્યોના પતનનો પણ ઉલ્લેખ આવે છે. એમ કહેવામાં આવે છે કે જયારે તાજમહેલનું નિર્માણકાર્ય સંપન્ન થયું તો એના કારીગરોના હાથ કપાવી નાખવામાં આવ્યા અથવા ઘણા શ્રમજીવીઓના જીવનમુલ્યોનું પણ પતન થતું ગયું. જેમ જેમ દવા કરી, બિમારી છતાં વધતી જ ગઇ... કયારેક ધનના અભાવમાં, કયારેક લાંબી ગુલામીને લીધે, કયારેક સુખ-સુવિધાઓના અભાવમાં આપણા બ્રહમાસમાન રચનાકારો, કારીગરો અને શ્રમજીવીઓની કળામાં પણ પડતી આવતી ગઇ.

આ ઉપરાંત જયારે આઝાદીનું આંદોલન થયું ત્યારે પણ આપણા શ્રમિકો અને કામદારોએ સ્વયંનો સહયોગ અને યોગદાન દરેક પરિસ્થિતિઓમાં આપ્યું. કરજ વધ્યું, બિમારીઓ વધી છતાં તેઓએ સ્વયંની ફરજ ન છોડી, સદા તેનું પાલન કર્યું.

આજના આધુનિક જગતમાં જયારે દેશનું સંવિધાન દરેકને એક સમાન અવસર પ્રદાન કરી. ખંભેખંભો મિલાવીને ચાલવાનો સુઅવસર પ્રદાન કરે છે છતાં પણ આપણા શ્રમિક વર્ગની પતનની અવસ્થાન જોઇને હૃદયવિહિરણ થવા લાગે છે. કહેવામાં આવે છે કે નર એવા કર્મ કરે જે શ્રીનારાયણ કહેવાય અને નારી ઓવ કર્મ કરે કે એ શ્રીલક્ષ્મી કહેવડાવવામાં આવે.

આજથી ૯૫૦ વર્ષ પૂર્વે ચર્ચિલે પણ આ જ શબ્દો કહયા હતા જેનો ઉલ્લેખ અહીં કરવો ઉચિત હશે. તેઓએ કહયું કે, 'શ્રમ સાધનાથી જોડાયેલા કઠોર હાથ મારા માટે પૂજય છે, અભણ ચહેરા, દરેક મોસમનો પ્રહારો સામે ઝઝૂમતા, ધરતી સાથે જોડાયેલા, અપરિપકવ બુદ્ધિવાળા શ્રમ સાધકો પણ મારા માટે શ્રધ્ધેય છે.

અમારો આ લેખ લખવાનો ઉદ્દેશ્ય એ જ છે કે આપણા આ ઉદ્યમરૂપી શ્રમસાધના સાથે જોડાયેલા શ્રમજીવી ભાઇ-બહેનો સ્વયંના કાર્યમાં વધારેને વધારે કુશળતા લાવે અને ગાંધીજીનું 'રામરાજય'નું સ્વપ્ન ભારત દેશમાં સાકાર કરે.

તેથી સવારનો ભૂલ્યો જો સાંજે ઘરે પાછો વળે તો તેને ભૂલ્યો ન કહેવાય. અને આપણા શ્રમિક ભાઇ-બહેનો ભૂલ્યા નહીં પરંતુ ખુબ જ ભોળાં અને ભલાં વ્યકિત હોય છે.

જીવનમાં જિજ્ઞાસુ અને ગુણગ્રાહી બનવાથી ઓછી મહેનતે વધારે પ્રાપ્તિ થાય છે. જેની પાસેથી જે કંઇ પણ શીખવા મળે તે જરૂર શીખવું જોઇએ. ભવનનિર્માણની સાથે સાથે આજે, સ્વયંના ચારિત્ર્યના નિર્માણનો પ્રયાસ પણ કરતા રહેવું જોઇએ. એમાં જ રાજયોગની મહત્વની ભૂમિકા છે.

રાજયોગનો અભ્યાસ આપણા ચારિત્ર્યનું, વ્યકિતત્વનું, જીવનનું એવું પુનઃનિર્માણ કરે છે કે આપણામાં અન્ય સર્વ કાર્યો કરવાની કુશળતા પણ આવે છે અને આપણે અનેક બુરાઇઓ અને વ્યસનોથી પણ બચી જાય છીએ. રાજયોગને જીવનમાં અપનાવીને જો વ્યકિત સ્વયંને ચરિત્રવાન બનાવી લે. તો એના શ્રેષ્ઠકર્મોની સાથે સાથે એનું સ્વયંનું પણ સમ્માન થશે. એવા ચરિત્રવાન વ્યકિત જે કર્મ કરશે. એ કર્મ જ પુજા બની જાશે અને એ પોતાના પરિવારના, સમાજના અને સ્વર્ણિમ ભારતના નિર્માણમાં ખૂબ મોટું યોગદાન આપી શકશે.

શ્રમજીવીઓનો સર્વાંગી વિકાસ થાય, એ જ શ્રેષ્ઠ ઉદ્દેશ્ય લઇને, બ્રહમાકુમારી સંસ્થાના 'વિશ્વકર્મા ગ્રુપ' દ્વારા 'સ્વર્ણિમ ભારત નિર્માણ અભિયાન' ચલાવવામાં આવી રહયું છે. એના અનુસંધાનમાં ખૂબ ઉંડાણપૂર્વક શ્રમિક ભાઇ-બહેનોને બ્રહમાકુમારી બહેનો દ્વારા નિઃશુલ્ક અને ક્રમબદ્ધ રીતે સર્વપ્રથમ સાત દિવસનું પ્રશિક્ષણ, રાજયોગ ધ્યાનનો અભ્યાસ, દિવ્યગુણોની ધારણા, વ્યસનમુકત જીવનશૈલી વગેરેનું પ્રશિક્ષણ ખુબ જ ધીરજ અને પ્રેમપૂર્વક આપવામાં આવે છે. જેમાં એજ શીખવવામાં આવે છે કે કેવી રીતે પરમાત્માનું ધ્યાન લગાવીને કાર્યમાં કુશળતા પ્રાપ્ત કરવામાં આવે છે. એ જોવામાં આવ્યું છે કે જેઓએ આ પ્રશિક્ષણ પ્રાપ્ત કર્યું છે એ ભવનનિર્માણના જ નહીં સાથોસાથ જીવન નિર્માણના પણ શિલ્પી બની ગયા છે. સર્વાંગી વિકાસને સાથે લઇને ચાલનારા જ સાચા વિશ્વકર્મા છે. આવું શ્રેષ્ઠ જીવન એ જ આપણા ઇષ્ટદેવ ભગવાન વિશ્વકર્માને આપણી સાચી-સાચી ગુરુદક્ષિણા હશે, એ જ આપણી એમના પ્રતિ સાચી ઉપાસના છે.

વિશ્વકર્મા વિશ્વ(માસિક)

રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝપેપર્સ(સેન્ટ્રલ રૂલ્સ ૧૯૫૬) અન્યવે વિશ્વકર્મા વિશ્વ(ગુજરાતી, માસિક) અંગેની માહિતી(ફોર્મ નં. - ૪ રૂલ નં ૮)

૧. પ્રકાશનનું સ્થળ	:	'મેઘાવી', આર.એમ.સી. નગર, જૈન બોર્ડીંગ પાસે, એરપોર્ટ રોડ, રાજકોટ-૩૬૦૦૦૭(ગુજરાત)
૨. પ્રસિદ્ધીનો ગાળો	:	માસિક (દર મહિનાની ૧૦મી તારીખે)
૩. મુદ્રક	:	પ્રવિણ દયાળજીભાઈ ગજ્જર(ભાડેશીયા)
રાષ્ટ્રીયતા	:	ભારતીય
સરનામું	:	'મેઘાવી', આર.એમ.સી. નગર, જૈન બોર્ડીંગ પાસે, એરપોર્ટ રોડ, રાજકોટ-૩૬૦૦૦૭(ગુજરાત)
૪. માલિક	:	પ્રવિણ દયાળજીભાઈ ગજ્જર(ભાડેશીયા)
રાષ્ટ્રીયતા	:	ભારતીય
સરનામું	:	'મેઘાવી', આર.એમ.સી. નગર, જૈન બોર્ડીંગ પાસે, એરપોર્ટ રોડ, રાજકોટ-૩૬૦૦૦૭(ગુજરાત)
૫. પ્રકાશક	:	પ્રવિણ દયાળજીભાઈ ગજ્જર(ભાડેશીયા)
રાષ્ટ્રીયતા	:	ભારતીય
સરનામું	:	'મેઘાવી', આર.એમ.સી. નગર, જૈન બોર્ડીંગ પાસે, એરપોર્ટ રોડ, રાજકોટ-૩૬૦૦૦૭(ગુજરાત)
૬. તંત્રી	:	પ્રવિણ દયાળજીભાઈ ગજ્જર(ભાડેશીયા)
રાષ્ટ્રીયતા	:	ભારતીય
સરનામું	:	'મેઘાવી', આર.એમ.સી. નગર, જૈન બોર્ડીંગ પાસે, એરપોર્ટ રોડ, રાજકોટ-૩૬૦૦૦૭(ગુજરાત)

૭. જે વ્યક્તિઓ આ અખબારના માલિક હોય અને કુલ ચાપણના એક ટકાથી વધારે ચાપણ રોકનાર ભાગીદારો અથવા શેરહોલ્ડરોના નામ તથા સરનામા ઉપરની કોલમ નં ૪-૫-૬ મુજબ છે.

હું પ્રવિણ દયાળજીભાઈ ગજ્જર આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી વધુમાં વધુ જાણ અને માન્યતા મુજબ સાચી છે.

સ્થળ : રાજકોટ
તારીખ : ૧૦-૩-૨૦૨૨

પ્રવિણ ડી. ગજ્જર
(માલિક-પ્રકાશક-તંત્રી-મુદ્રક)

રાજકોટ ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા

રાજકોટમાં વિશ્વકર્મા જયંતીની ભક્તિમય ઉજવણી

વિશ્વકર્મા મંદિરે ધ્વજારોહણ, મંગળા આરતી તથા રાજભોગ આરતી જેવા ધાર્મિક કાર્યક્રમો યોજાયા

● જયંતીભાઈ નગેવાડિયા

રાજકોટ ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા મહાસુદ-૧૩ને તા. ૧૪/૨/૨૨ને સોમવારના રોજ વિશ્વકર્મા જયંતીની ઉજવણી કરવામાં આવેલ. જેમાં વિશ્વકર્મા મંદિરે ધાર્મિક કાર્યક્રમો, સમુહલગ્ન તથા રકતદાન શિબિર જેવા કાર્યક્રમો યોજી વિશ્વકર્મા જયંતીની ઉજવણી કરવામાં આવેલ. આ પ્રસંગે દિવાનપરામાં આવેલ વિશ્વકર્મા પ્રભુજીના મંદિરે સવારે ૬ કલાકે ધ્વજારોહણ કરવામાં આવેલ. તેમજ સવારે ૬.૩૦ કલાકે મંગળા આરતી તથા બપોરે ૧૨.૧૫ કલાકે રાજભોગ આરતી કરવામાં આવેલ. દાદાના દર્શન તથા આરતી માટે સવારથી જ દર્શનાર્થીઓ ઉમટી પડયા હતા. અને સાંજે પણ દર્શનાર્થીઓની લાંબી લાઇન લાગી હતી. સવારથી સાંજ સુધીમાં હજારો દર્શનાર્થીઓએ દાદાના દર્શન કર્યા હતા. દર્શનાર્થીઓને મગજની લાડુની પ્રસાદી આપવામાં આવેલ. મંદિરે દાન-ભેટના કાઉન્ટરની વ્યવસ્થા કરવામાં આવેલ. જેની વ્યવસ્થા ગજજર સર્વિસ ગ્રુપ દ્વારા કરવામાં આવેલ.

જ્ઞાતિ દ્વારા દર વર્ષે રેસકોર્સ ગ્રાઉન્ડમાં વિશ્વકર્મા જયંતીની આગલી સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમ તથા વિશ્વકર્મા જયંતીના દિવસે સમુહલગ્ન તથા જ્ઞાતિ સમુહ ભોજનનું આયોજન કરવામાં આવતું તથા દાદાની શોભાયાત્રા કાઢવામાં આવતી પરંતુ છેલ્લા બે વર્ષથી કોરોના તથા સરકારની ગાઇડલાઇનને કારણે સાંસ્કૃતિક કાર્યક્રમ, જ્ઞાતિ સમુહ ભોજન

વિશ્વકર્મા મંદિરે દાદાના દર્શન માટે દર્શનાર્થીઓની ભારી ભીડ

સમુહલગ્નમાં ૨૩ નવદંપતીઓએ પ્રભુતામાં પગલા માંડયા

તથા શોભાયાત્રા રદ કરવામાં આવેલ. આ વર્ષ પણ કોરોના અને સરકારની ગાઇડલાઇનના કારણે આ કાર્યક્રમો રદ કરવામાં આવેલ. આ વર્ષે પણ સમુહલગ્નનું આયોજન રેસકોર્સને બદલે ૨૩ સમુહલગ્ન હોવાના કારણે બે સ્થળોએ ત્રણ ભાગમાં આયોજન કરવામાં આવેલ.જેમાં રાજકોટ વિશ્વકર્મા કેળવણી મંડળ ખાતે સવારે ૯ લગ્ન તથા બપોર બાદ ૯ લગ્ન મળી કુલ ૧૮ લગ્ન કેળવણી મંડળ ખાતે તથા ૫ લગ્ન શ્રી ગુર્જર સુતાર પ્રગતિ મંડળ ખાતે સવારે યોજવામાં આવેલ. આમ કુલ બે સ્થળોએ ત્રણ ભાગ કરી ૨૩ સમુહલગ્ન કરવામાં આવેલ.

કેળવણી મંડળ ખાતે ગ્રાઉન્ડમાં વિશ્વકર્મા દાદાની મૂર્તિ રાખી મંડપમાં મંદિર તૈયાર કરવામાં આવેલ. જેમાં સમુહલગ્ન દરમ્યાન દિપ પ્રાગટય કરવામાં આવેલ. દિપ પ્રાગટયમાં જ્ઞાતિના પ્રમુખ રસીકભાઇ બદ્રકીયા, અધ્યક્ષ મુકેશભાઇ વડગામા, અમુભાઇ ભારદીયા, જગુભાઇ ભારદીયા, અમુભાઇ બોરાણીયા, ગુજરાત મ્યુ. ફાઇનાન્સ બોર્ડના પૂર્વ ચેરમેન ધનસુખભાઇ ભંડેરી, મ્યુ. સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન પુષ્કરભાઇ પટેલ, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઇ મિરાણી તેમજ જ્ઞાતિના ટ્રસ્ટી તથા કેળવણી મંડળના ટ્રસ્ટીના હસ્તે દિપ પ્રાગટય કરવામાં આવેલ.

આ સમુહલગ્નમાં નવદંપતીઓને આશીર્વાદ આપવા માટે ગીરનારી લાડુખાડા આશ્રમ-નિકોલના પ.પુ. શ્રી દિગમ્બર ગગનગીરી બાપુ પધાર્યા હતા. બપોરે લગ્નવિધી બાદ ૯ નવદંપતીઓને આશીર્વાદ તથા પ્રસાદી આપ્યા હતા. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે સમુહલગ્નમાં મુખ્ય દાતા જયકુમાર મનોહરભાઇ તલસાણિયા તથા હિતેષકુમાર મનોહરભાઇ તલસાણિયા (દેઓકી મેન્યુફેકચર્સ-વેલકાસ્ટ ટેકનોગ્રુપ) રૂા. ૧,૫૧,૦૦૦/-, તેમજ અતિથિ વિશેષ તરીકે મહેન્દ્રભાઇ ત્રિભોવનભાઇ પંચાસરા તથા મુકેશભાઇ ત્રિભોવનભાઇ પંચાસરા-રૂપકલા એન્જિનીયર્સ-મેટોડા(રૂા. ૫૧,૦૦૦/-), ચંદ્રકાંતભાઇ વાલજીભાઇ કરગથરા-કિર્તી એન્ટરપ્રાઇઝ(કોનાર્ક)-રાજકોટ (રૂા. ૫૧,૦૦૦/-), અમૃતલાલ ભારદીયા પરિવાર-રવિકુમાર ભારદીયા એજયુ. ટ્રસ્ટ-રાજકોટ (રૂા. ૧,૧૧,૦૦૦/-) તથા દિનેશભાઇ શાંતિલાલ પંચાસરા-લંડન(યુ.કે.) (રૂા. ૫૧૦૦૦) પધાર્યા

હતા. ઉપરાંત રાજકીય અગ્રણીઓમાં રાજકોટના મેયર પ્રદીપભાઇ ડવ, ડે. મેયર દર્શિતાબેન શાહ, ગુજરાત મ્યુ. ફાઇનાન્સ બોર્ડના પૂર્વ ચેરમેન ધનસુખભાઇ ભંડેરી, મ્યુ. સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન પુષ્કરભાઇ પટેલ તથા શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઇ મિરાણી સહિતના અગ્રણીઓ પધાર્યા હતા.

કેળવણી મંડળ ખાતે સવારે ૯ તથા બપોર બાદ ૯ સમુહલગ્નનું આયોજન હતું. તેમાં આયોજન અને વ્યવસ્થા ખુબ જ સુંદર હતી. ૯ લગ્નમંડપના ઉપરના વિભાગમાં રસોડામાં એક, લગ્ન હોલમાં બે, તથા ઉપરના ડાઇનીંગ વિભાગમાં બે તથા અગાસીમાં પાંચ લગ્નમંડપ તથા લાઇવ લગ્ન ગીતો માટેના સ્ટેજ સહિતનું આયોજન સુંદર હતું. દરેક કન્યાને અલગ મંડપના રૂપમાં ઉતારાની વ્યવસ્થા પણ કરવામાં આવેલ. કોરોનાની ગાઇડ લાઇનના કારણે મર્યાદિત સંખ્યામાં જ આયોજીત કરવાનું હોવાથી વર-કન્યા બંને પક્ષના લોકોને ૨૦-૨૦ વ્યકિતઓની છુટ આપવામાં આવેલ. બંને પક્ષને ૨૦-૨૦ પ્રવેશ પાસ તથા ભોજન પાસ આપવામાં આવેલ. ભોજન વ્યવસ્થા નીચેના ગ્રાઉન્ડમાં કરવામાં આવેલ. કેળવણી મંડળના ગેઇટ પર સિકયોરીટીના માણસો પ્રવેશ પાસ હોય તેને જ પાસમાં પંચ મારીને પ્રવેશ આપતા હતા. અને ભોજન માટે ભોજન પાસ હોય તેમને જ ડીસ આપવામાં આવતી હતી. પ્રવેશ પાસ સિવાયના કોઇને પ્રવેશ આપવામાં આવતો ન હતો.

પ્રગતિ મંડળ ખાતે પણ આજ રીતે પ્રવેશ પાસ હોય તેમને જ સિકયોરીટીના માણસો પ્રવેશ આપતા હતા. અહીં પણ લગ્ન માટે સુંદર વ્યવસ્થા કરવામાં આવેલ. જેમાં ઉપરના લગ્ન હોલમાં બે મંડપ તથા બાજુની શેરીમાં પાર્કિંગની જગ્યામાં ત્રણ મંડપ તથા લાઇવ લગ્નગીત માટેના સ્ટેજ સહિતની વ્યવસ્થા કરવામાં આવેલ. નીચેની ડાઇનીંગ વિભાગમાં ભોજન વ્યવસ્થા કરવામાં આવેલ હતી. પ્રગતિ મંડળ ખાતે પ્રગતિ મંડળના પ્રમુખ રમણીકભાઇ પાટણવાડિયા તથા અધ્યક્ષ અરવિંદભાઇ ગજજર તેમજ કારોબારી સભ્યો અને ટ્રસ્ટીઓએ પણ વ્યવસ્થામાં જોડાયા હતા. ગુર્જર સુતાર જ્ઞાતિના સભ્યો-કાર્યકરો પણ વ્યવસ્થામાં જોડાયા હતા.

આ સમુહલગ્નમાં કન્યાઓને જ્ઞાતિ તરફથી સોનાની બુટી, ઇમીટેશન સેટ, મંગળસુત્ર, સ્ટીલનો કબાટ, સાડી, બ્લાઉઝ-ચણીયો, ડ્રેસ, યુ ફોર્મ ગાદલુ, વરકન્યાને કાંડા ઘડિયાળ સહિત રસોડા તથા ઘરવપરાશની કુલ ૫૬થી વધારે વસ્તુઓ

મહારકતદાન કેમ્પમાં ૫૬૧ બોટલ રકતદાન થયું ત્રણ સ્થળોએ યોજાયેલ રકતદાન કેમ્પ

ગુર્જર સુતાર જ્ઞાતિ-રાજકોટ દ્વારા વિશ્વકર્મા જયંતીના દિવસે ધાર્મિક કાર્યક્રમ, સમુહલગ્નની સાથેસાથે રકતદાન શિબિરનું પણ આયોજન કરવામાં આવેલ. આ રકતદાન શિબિર ત્રણ સ્થળે રાખવામાં આવેલ. જેમાં વિશ્વકર્મા મંદિર ખાતે ઉપરના હોલમાં કેળવણી મંડળ ખાતે ઓફિસની બાજુના મેસેજમાં તથા પ્રગતિ મંડળ ખાતે મુખ્ય પ્રવેશદ્વારની બાજુની દુકાનમાં રકતદાનશિબિરનું આયોજન કરવામાં આવેલ. વિશ્વકર્મા મંદિર તથા કેળવણી મંડળ ખાતે સવારનાં ૮ થી સાંજે ૭ વાગ્યા સુધી તથા પ્રગતિ મંડળ ખાતે સવારે ૮ થી બપોરના ૨ વાગ્યા સુધી રકતદાન શિબિર રાખવામાં આવેલ.

ત્રણ સ્થળે રકતદાન શિબિરમાં મોટી સંખ્યામાં રકતદાતાઓએ રકતદાન કરેલ અને કુલ મળી ૫૬૧ બોટલ રકતદાન થયેલ. દરેક રકતદાતાઓને જ્ઞાતિ તરફથી મિલ્ટન કંપનીની કિટલી (સ્ટીલ થર્મોવેર) ભેટ આપવામાં આવેલ. આ રકતદાન શિબિર રેડકોર્ષ બ્લડબેંકના સહયોગથી યોજવામાં આવેલ. રકતદાન શિબિરની મુલાકાતે જ્ઞાતિના અગ્રણીઓ તથા રાજકીય અગ્રણીઓએ મુલાકાત લીધી હતી અને જ્ઞાતિની આ પ્રવૃત્તિને બિરદાવી હતી.

કરીયાવર તરીકે આપવામાં આવેલ. તેમજ દાતાઓ તરફથી સ્ટીલ ડીનરસેટ-૧, રજાઇ ઓશિકા, સોનાનો દાણો, ચાંદીના સાંકળા, ચાંદીની ગાય, સુટકેશ સહિતની કુલ ૨૯ જેટલી વસ્તુઓ કરીયાવર તરીકે આપવામાં આવેલ. આ સમુહલગ્નમાં જોડાનાર દરેક કન્યાઓને જ્ઞાતિ તફરથી સરકારની યોજના મુજબ મળતા કુંવરબાઇનું મામેરૂન્ના રૂા. ૧૦,૦૦૦/- તથા સાત ફેરા સમુહલગ્નના યોજનાના રૂા. ૧૦,૦૦૦/-ના ફોર્મ ભરાવી આ રકમ મળે તેની કાર્યવાહી કરવામાં આવે છે.

જ્ઞાતિ દ્વારા ઉજવાતી આ વિશ્વકર્મા જયંતીની ઉજવણીમાં જ્ઞાતિની વિવિધ સંસ્થાઓનો પણ સહકાર રહયો હતો. જેમાં રાજકોટ વિશ્વકર્મા કેળવણી મંડળ, ગુર્જર સુતાર પ્રગતિ મંડળ, ગુર્જર સુતાર કન્યા છાત્રાલય, વિશ્વકર્મા સં.નિ.અને વિદ્યા પ્રચારક મંડળ, ધી ગુર્જર ઇન્ડસ. સર્વિસીઝ કો.ઓ.સો.લી., વિરાટ ઔદ્યોગિક સેવા સ. મંડળી, વિશ્વકર્મા ચેરીટેબલ ટ્રસ્ટ, વિશ્વકર્મા ધુનમંડળ(ભાઇઓ), વિશ્વકર્મા ધુન મંડળ(બહેનો), વિશ્વકર્મા આરતી મંડળ, ગજજર સર્વિસ ગ્રુપ તથા ગજજર સખી વૃંદ તથા પ્રિયદર્શીની ગ્રુપનો સહયોગ રહયો હતો.

આ સમુહ લગ્નમાં જયંત ગજજર પ્રસ્તુત ગજજર મ્યુઝીકલ ગ્રુપ દ્વારા લગ્નગીતોનો રસથાળ પીસરવામાં આવેલ. સ્ટેજ એનાઉન્સીંગ નિતીનભાઇ બદ્રકિયા દ્વારા કરવામાં આવેલ. સમુહલગ્નની ફોટોગ્રાફી તથા વીડિયોગ્રાફી ગજાનન સ્ટુડીયોના રોહિતભાઇ સુરેલીયાની ટીમ દ્વારા કરવામાં આવેલ જેનુ અબતક ચેનલ પર જીવંત પ્રસારણ કરવામાં આવેલ. ભોજન વ્યવસ્થા મધુરમ કેટરર્સ દ્વારા કરવામાં આવેલ.

આ વિશ્વકર્મા જયંતીની ઉજવણીમાં વિશ્વકર્મા મંદિર, કેળવણી મંડળ તથા પ્રગતિ મંડળ ખાતે યોજાયેલ કાર્યક્રમોની વ્યવસ્થા માટે પ્રમુખ રસીકભાઇ બદ્રકિયા તથા અધ્યક્ષ મુકેશભાઇ વડગામાની દેખરેખ હેઠળ વિવિધ વ્યવસ્થા માટે ૧૧ જેટલી સમિતિની રચના કરવામાં આવેલ. (૧) સ્વાગત સમિતિ -ટ્રસ્ટીશ્રીઓ (૨) ગ્રાઉન્ડ સમિતિ-મંડપસમિતિ-કન્વીનર - અરવિંદભાઇ ત્રેટીયા, ઘનશ્યામભાઇ દુદકીયા તથા પ્રકાશભાઇ દુદકીયા (૩) રસોડા સમિતિ, કન્વીનર-જનકભાઇ વડગામા, નિલેશભાઇ આમરણીયા તથા વડગામા પરિવાર (૪) કાર્યાલય સમિતિ વિશ્વકર્મા મંદિર-કન્વીર કિશોરભાઇ બોરાણિયા, ગુણેન્દ્રભાઇ ભાડેશીયા તથા ગજજર સર્વિસ ગ્રુપ સભ્યો, કેળવણી મંડળ ખાતે-કન્વીનર-ગોરધનભાઇ ચાંપાનેરા, (૫) પાર્કિંગ સમિતિ-કન્વીનર-હર્ષદભાઇ બકરાણિયા તથા યુવા ગ્રુપના સભ્યો (૬) લગ્ન મંડપ સમિતિ-કેળવણી મંડળ ખાતે કન્વીનર દિલીપભાઇ પંચાસરા, હરીભાઇ સીનરોજા, ઘનશ્યામભાઇ દુદકીયા તથા તુષારભાઇ બદ્રકિયા, ભાવેશભાઇ વાલંભીયા તથા ધુનમંડળ બહેનો, પ્રગતિ મંડળ ખાતે કન્વીનર જગદીશભાઇ સોંડાગર, કાંતીભાઇ તલસાણિયા, ગોરધનભાઇ ચાંપાનેરા,તથા શાંતિભાઇ સાંકડેચા, (૭) કરીયાવર સમિતિ કન્વીનર - દિલીપભાઇ પંચાસરા, હરીભાઇ સીનરોજા, મિતેષભાઇ ધ્રાંગધરિયા, ધનજીભાઇ ખંભાયતા તથા ધુનમંડળ બહેનો (૮) મંદિર વ્યવસ્થા સમિતિ કન્વીનર - કિશોરભાઇ અંબાસણા, ગોરધનભાઇ ચાંપાનેરા, કિશોરભાઇ બોરાણીયા તથા શાંતિભાઇ સાંકડેચા (૯) બ્લડ ડોનેશન કેમ્પ સમિતિ, કેળવણી મંડળ-કન્વીનર, કેતનભાઇ મહીધરીયા તથા પંચાસરા પરિવાર, મંદિરખાતે કન્વીનર, કિરીટભાઇ જોલાપરા, મુકેશભાઇ પંચાસરા તથા પંચાસરા પરિવાર (૧૦) ચા-પાણી વ્યવસ્થા મંદિરે-પંચાસરા પરિવાર તથા કેળવણી મંડળે કન્વીનર હરકાંતભાઇ વડગામા તથા સાંકડેચા પરિવાર. આમ આ સમિતિનાં અગ્રણીઓ સહિત લગભગ ૩૫૦ જેટલા કાર્યકરોએ વ્યવસ્થા જાળવી હતી.

આ વિશ્વકર્મા જયંતીની ઉજવણીના સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં જ્ઞાતિના કાર્યવાહક સમિતિના પ્રમુખ રસીકભાઇ બદ્રકિયા, ઉપપ્રમુખ કાંતીભાઇ તલસાણિયા, મંત્રી પ્રદીપભાઇ કરગથરા, ખજાનચી અરવિંદભાઇ ત્રેટીયા, કારોબારી સભ્યો હર્ષદભાઇ બકરાણિયા, કિશોરભાઇ અંબાસણા, દિલીપભાઇ પંચાસરા, શાંતીલાલ સાંકડેચા, મિતેષભાઇ ધ્રાંગધરીયા, હરીભાઇ સીનરોજા, જનકભાઇ વડગામા, કિશોરભાઇ બકરાણિયા, કેતનભાઇ મહીધરીયા, ઘનશ્યામભાઇ દુદકીયા તેમજ ટ્રસ્ટી મંડળના અધ્યક્ષ મુકેશભાઇ વડગામા, ઉપાધ્યક્ષ જગદીશભાઇ સોંડાગર તેમજ ટ્રસ્ટી દિનેશભાઇ ખંભાયતા, વિનયભાઇ તલસાણિયા, તથા મુકેશભાઇ ભાડેશીયાએ જહેમત ઉઠાવી હતી. ઉપરાંત કેળવણી મંડળ ખાતે કેળવણી મંડળના ટ્રસ્ટી મંડળ તથા કારોબારીના દરેક સભ્યો પણ વ્યવસ્થા જાળવવામાં જોડાયા હતા.

શ્રી સૌરાષ્ટ્ર ગુર્જર સુથાર જ્ઞાતિ મંડળ-સુરત દ્વારા સમુહ લગ્ન યોજાયા

પાંચ નવદંપત્તિઓએ પ્રભુતામાં પગલા માંડયા

શ્રી સૌરાષ્ટ્ર ગુર્જર સુતાર જ્ઞાતિ મંડળ-સુરત દ્વારા ૨૯મો સમુહલગ્ન સમારોહ તા. ૭-૨-૨૦૨૨ના રોજ પટેલ સમાજની વાડી, વરાછા રોડ ખાતે યોજાયેલ જેમાં પાંચ નવદંપતિઓએ પ્રભુતામાં પગલા માંડેલ.

આ સમુહલગ્નમાં સવારે ૧૦.૩૦ કલાકે વિશ્વકર્મા દાદાનું સ્થાપન કરવામાં આવેલ. જાન-આગમન બપોરે ૧ કલાકે થયેલ. હસ્ત મેળાપ બપોરે ૪.૩૦ કલાકે તથા કન્યા વિદાય સાંજે ૮.૩૦ કલાકે કરવામાં આવેલ.

આ સમુહલગ્નમાં કન્યાઓને દાતાઓ તરફથી કરીયાવરમાં મંગળસુત્ર, નાકની ચુંક, ચાંદીની ગાય, ચાંદીનો તુલશીકયારો, સ્ટીલનું બેડુ, કુકર, થાળી સેટ, ખુરશી સહિતની રસોડા તથા ગૃહઉપયોગી વસ્તુઓ આપવામાં આવેલ. કોરોના તથા સરકારની ગાઇડલાઇનને કારણે મર્યાદિત સંખ્યામાં યોજાયેલ આ સમુહલગ્નમાં બંને પક્ષને ૨૬-૨૬ આમંત્રણ તથા ભોજન પાસ આપવામાં આવેલ. દાતા સન્માન સહિતના કોઇપણ કાર્યક્રમ રાખવામાં આવેલ નહીં. દાતાશ્રીઓને પણ આમંત્રિણ આપવામાં આવેલ ન હતું. દાતા સન્માન ભવિષ્યમાં અનુકુળતાએ ગોઠવવામાં આવશે.

આ સમુહલગ્નોત્સવને સફળ બનાવવા માટે ટ્રસ્ટી મંડળ કારોબારી કમિટીના અધ્યક્ષ બકુલભાઇ ધારૈયા, પ્રમુખ કિશોરભાઇ ઉછડીયા, મંત્રી પ્રવીણભાઇ સોડાગર, ખજાનચી નરેન્દ્રભાઇ દુદકીયા, માર્ગદર્શક ચંદુભાઇ સોંડાગર, ટ્રસ્ટી હસમુખભાઇ વઘાડીયા, નલીનભાઇ ભારદીયા સહિત દરેક વોર્ડના ટ્રસ્ટીશ્રીઓ તથા સ્વયંસેવક ભાઇઓએ જહેમત ઉઠાવી હતી.

કોરોના કારણે વિશ્વકર્મા જયંતીની સાદગીપૂર્વક ઉજવણી

શ્રી સૌરાષ્ટ્ર ગુર્જર સુથાર જ્ઞાતિ મંડળ દ્વારા તા. ૧૪-૨-૨૨નાં રોજ જ્ઞાતિના કાર્યાલય, આશીર્વાદ કોમ્પલેક્ષ, વરાછા મેઇન રોડ ખાતે ખુબ જ સાદગીપૂર્વક ઉજવાયેલ.

આ પ્રસંગે સંસ્થાના કાર્યાલય ખાતે દાદાની પુજા તથા આરતી કરવામાં આવેલ. કોરોના અને સરકારની ગાઇડલાઇનને કારણે મહાપ્રસાદ કે અન્ય કોઇ કાર્યક્રમ રાખવામાં આવેલ નહીં. આ પ્રસંગે જ્ઞાતિના ટ્રસ્ટી મંડળ-કારોબારી કમિટીના અગ્રણીઓ ઉપસ્થિત રહયા હતા.

સૌરાષ્ટ્ર ગુ.સુ. સમુહલગ્ન આયોજન સમિતિ દ્વારા ૪૪માં સમુહલગ્નોત્સવ યોજાયો

શ્રી ગુ.સુ. સમાજ મણીનગર શ્રી વિશ્વકર્મા બાગના નેતૃત્વમાં સફળ આયોજન

અમદાવાદના શ્રી સૌરાષ્ટ્ર ગુર્જર સુતાર યુવક સંઘ તથા સહયોગી સંસ્થાઓ નિર્મિત ગુર્જર સુતાર સમુહલગ્ન આયોજીત સમિતિ દ્વારા અમદાવાદના શ્યામાપ્રસાદ વસાવડા કોમ્યુનિટી હોલ ખાતે તા. ૨૦-૦૨ના રોજ ૪૪મો સમુહલગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી ગુર્જર સુતાર સમાજ મણીનગર શ્રી વિશ્વકર્મા બાગ-ગોરનો કુવો આ સમુહલગ્નોત્સવની સત્કારકર્તા સંસ્થા હતી. તેમનો સહયોગી સંસ્થા શ્રી સૌરાષ્ટ્ર ગુર્જર સુતાર યુવક સંઘ, શ્રી સૌરાષ્ટ્ર ગુર્જર સુતાર જ્ઞાતિ યુથ ફોરમ, શ્રી સૌરાષ્ટ્ર ગુ.સુ. વિચારવાર વેજલપુર, શ્રી ગુર્જર સુતાર પ્રગતિ મંડળ પાલડી, શ્રી વિ. ગુ. સુ. પ્રગતિ મંડળ સરખેજ વગેરે હતી. શ્રી ગજજર ગ્રુપ ઇસનપુર, શ્રી સૌ.ગુ.સુ. મિત્ર મંડળ હાથીજણ, શ્રી વિશ્વકર્મા સહિયર, શ્રી સૃષ્ટિકર્તા મિત્ર મંડળનો પણ સહયોગ રહયો હતો. આ ૪૪મો સમુહલગ્નોત્સવમાં ૭ નવ દંપતિઓ જોડાયા હતા.

સવારે ૭ કલાકે વિનોદભાઇ મહીધરીયા તથા નિર્મળાબેન વિનોદભાઇ મહિધરીયાના હસ્તે ગણેશ સ્થાપના થયા બાદ સવારે સાડા આઠે જાનના સામૈયા થયા હતા. ચા-નાસ્તા બાદ સવારે સાડા નવ વરરાજાના પોખણા બાદ સાડા દશ કલાકે હસ્તમેળાપ થયો હતો. કુલ સાત વરઘોડીયાએ મંગલફેરા ફર્યા હતા.

૭૦૦ માણસોની હાજરીમાં સંસ્થાઓના પ્રમુખો, હોદ્દેદારો, કરીયાવર દાતાઓ તથા કાર્યકરોની હાજરીમાં સમુહલગ્નોત્સવ થયા બાદ સાડા અગિયાર વાગ્યે સૌએ ભોજન લીધુ હતું. વિવિધ સંસ્થાના હોદ્દેદારો અને દાતાઓના હસ્તે દીકરીયુને કરિયાવર આપવામાં આવ્યો હતો.

આ પ્રસંગે વિવિધ સંસ્થાઓના હોદ્દેદારો- પ્રફુલભાઇ સુરેલીયા, ધર્મેન્દ્રભાઇ જોલાપરા, શાંતિભાઇ ખોડદીયા, પ્રવીણભાઇ કંસોડા, પ્રવીણભાઇ કલોલીયા, મહેન્દ્રભાઇ વડગામા, ચેતનભાઇ પિલોજપરા, અંકિતભાઇ પિલોજપરા, બિપીનભાઇ જાદવાણી, રાજેશભાઇ વણોદીયા ઉપરાંત ઘનશ્યામભાઇ વણોદીયા, રમેશભાઇ છનીયારા, રમેશભાઇ તલસાણિયા, ધર્મેન્દ્રભાઇ ખંભાયતા, હસમુખભાઇ પનારા, પરેશભાઇ છનીયારા, રમેશભાઇ વડગામા(ધનસુરા), શૈલેષભાઇ સુરેલીયા, જગદીશભાઇ સંચાણીયા, જયંતીભાઇ સુરેલીયા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહયા હતા.

શ્રી હસમુખભાઇ જી. શંખલપરાના પ્રમુખસ્થાને ૪૪માં સમુહલગ્નની ટીમમાં વિનોદભાઇ મહીધરીયા(મંત્રી), ભાણજીભાઇ શંખલપરા(ખજાનચી), રાજેશભાઇ વિરમગામા(ઉપપ્રમુખ), ધર્મેન્દ્રભાઇ દેવળીયા(ઉપપ્રમુખ), હિતેશભાઇ વડગામા(સહમંત્રી), રસીકભાઇ ધ્રાંગધરિયા(સહમંત્રી), શાંતિભાઇ અંબાસણા (ઉત્સવમંત્રી), અરૂણભાઇ ભાલારા (સહ ઉત્સવમંત્રી), હરિભાઇ સુરેલિયા(પ્રચાર મંત્રી), તેજસભાઇ જોલાપરા (સહ પ્રચારમંત્રી)નો સમાવેશ કરાયો હતો.

સાવરકુંડલામાં શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ સમાજ દ્વારા ૩૩મો સમુહલગ્ન ઉત્સવ યોજાયો

શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ સમાજ આયોજિત ૩૩ મો સમહુલગ્ન ઉત્સવ તથા શ્રી વિશ્વકર્મા જ્યંતિ મહોત્સવ તા. ૧૨/૨/૨૦૨૨ ને શુભ દીને યોજવામાં આવેલ ૬ નવદંપતિઓએ પગલા ૩૩ સમહુલગ્ન મહોત્સવ તથા વિશ્વકર્મા જ્યંતિના ભોજન પ્રસાદના દાતા સ્વ. ડાયાભાઇ વિરજીભાઈ પાટણવાડિયા તથા સ્વ. વિઠ્ઠલભાઇ વિરજીભાઈ પાટણવાડિયા (નેસડીસમઢીયાળા વાળા) હાલ અમદાવાદ હસ્તે જયસુખભાઈ ડાયાભાઇ પાટણવાડિયા તથા રોનકભાઈ તથા તેજસભાઈ તરફથી રાખવામાં આવેલ હતો.

સવારે ૯ કલાકે પૂ વિશ્વકર્મા દાદાનું પૂજન તથા દાતાશ્રીઓનું તથા મહેમાનોનું સન્માન રાખવામાં આવેલ હતું.

વર્તમાન કોરોનાની પરિસ્થિતિને કારણે સમહુલગ્નમાં મર્યાદીત સંખ્યામાં સમૂહલગ્નનું આયોજન કરેલ હતું. તેમજ સાંજે સાવરકુંડલા શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિજનોનું સહપરિવાર ભોજન પ્રસાદનું આયોજન રાખેલ હતું તથા આ સમહુલગ્ન ઉત્સવ આમંત્રિત મહેમાનો જયસુખભાઈ પાટણવાડિયા, મનસુખભાઇ પાટણવાડિયા, શાંતિલાલ. ભારદીયા, શૈલેષભાઇ વઢવાણા, હસમુખભાઈ બકરાણીયા, વિનુભાઈ ઉચડિયા, અરૂણભાઈ ઉચડિયા, કિશનભાઈ ઉચડિયા તમામ મહેમાનો પધારેલ હતા.

શ્રી સૌરાષ્ટ્ર ગુ.સુ. જ્ઞાતિ યુથ ફોરમ દ્વારા વિશ્વકર્મા જયંતીની ધામધુમથી ઉજવણી

શ્રી વિશ્વકર્મા વંશજોના પુજનીય અને ઉપાસના દેવની જયંતી તા. ૧૪-૨-૨૨ના શુભદિને હતી. કોરોના મહામારી અને આ સંદર્ભે શાસન માર્ગદર્શિકાના કારણે (પ્રસાદ) સમુહભોજનના આસ્વાદના આનંદથી અલિપ્ત રહેવું પડેલ. પરંતુ વંશજોના હૈયામાંથી હર્ષ, પ્રસન્નતા અને આમોદની ધારા દશ્યમાન થતી હતી. શ્રદ્ધાભાવ અને સમર્પણના નિર્મળ ઝરણાના વહેણનો રવ સંભાળતો હતો.

શુદ્ધ ઘીના લાડવા અને ફુલવડીના પેકેટસ પ્રસાદ રૂપે મેળવી દર્શનાર્થીઓ તેમને ધન્ય ધન્ય ગણતા હતા. આશરે ૩૦૦ દાદા ભકતોએ મહાઆરતીનો લ્હાવો લીધો. ૧૫૦૦થી વધુ દાદાના ઉપાસકોએ દર્શનનો લાભ લીધો. આ સાથે સંતવાણી, ભજન, ગરબા અને ડાયરાની દાદના ગુણવાન સંગ મોજ માણી.

વંશજોની ઉદારશીલતા અને ધર્મપરાયણતાને નમન છે. સમુહભોજન ન હોવા છતાંય આશરે રૂા. ૨,૦૦,૦૦૦નું અનુદાન અર્પણ કરી પરિસરની ઝોળી છલકાવી ઉત્સાહ અને જુસ્સામાં અનોખુ ઉમેરણ કરેલ.

શ્રી વિશ્વકર્મા રથ : વિશ્વકર્મા પરિવારની એકતાનું દર્શન

● શાંતિભાઈ ખોડદીયા

અમદાવાદથી ચોટીલા સુધીની પદયાત્રાને ઠેર ઠેર આવકાર

શ્રી વિશ્વકર્મા જાગૃતિ અભિયાન-સંગઠન નારો-બુલંદ હો

ઉઠી, જાગો,સંગઠિત થાવ અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો

તારીખ.૭/૨/૨૨ના મંગલસુચક દિને દાદાની કૃપા સાથે માં રાંદલ અને ચામુડાની મહેરથી પ્રસ્થાન થયેલ શ્રી 'વિશ્વકર્મા રથ' તારીખ ૧૨/૨/૨૨ના શુકનવંતા દિને મંઝીલે એટલે કે માં ચામુંડાની શરણે પહોંચ્યો. અસંખ્ય પાવન અને દાદા સમર્પિત શ્રદ્ધાળુઓની હાજરીમાં 'વિશ્વકર્મા વંશજ એક હો'ના ગગનભેદી નાદ સાથે આ વિશ્વકર્મા રથનું માંના ખોળે જવા પ્રયાણ થયુ. તા. સાણંદ, વિરમગામ, સુરેન્દ્રનગર ડોળિયા થઈ માના શરણે માથુ ટેકવ્યુ. રાજકોટથી યુવા નેતા અને સદગુણ પ્રતિક શ્રી યોગીનભાઈ છનિયારાની આગેવાનીમાં ૧૫૦ દાદા ભક્તોએ રાજકોટથી બાઈક રેલી સાથે આ રથ તથા પગપાળા ચોટીલા પહોચનાર શાંતિભાઈ ખોડદિયા, હંસાબેન જાદવાણી અને કાશ્મીરાબેનનુ તથા અન્યોનું ભવ્ય સ્વાગત તથા સન્માન કર્યુ. સાણંદ સ્વ. શ્રી લાલભાઈ ગઝ્ઝના પુત્રએ અતિ સ્નેહ અને હુંફ આપી સર્વ સગવડતા પૂરી પાડી. વિરમગામ પણ શ્રી રસિકભાઇ જાદવાણી, અરવિંદભાઈ વડગામા તથા તેમની ટીમે અકલ્પનીય સેવા પૂરી પાડી. ઝખવાડામાં માનનીય શ્રી ઈશ્વરભાઈ પંચાલે હરખભેર સ્વાગત કરી સૌને મોહિત કરી દીધા. કાઝીપરામાં પણ રથનું હોંશભેર સ્વાગત થયુ. સુરેન્દ્રનગરના પ્રમુખશ્રી બાબુભાઈ કરગથરા, નાગરભાઈ વડગામા, માહિર લેખક, અને પ્રવાહિત એંકર શ્રી દિનેશભાઈ ચારોલા, આદરણીય શ્રી ધનજીભાઈ મિસ્ત્રી, શ્રી જયસુખભાઈ લુહાર તથા અન્ય સમુદાયએ સર્વ પ્રકારે પરોણાગત કરી. લખતરના ધર્મેશભાઈની સેવા પણ નોંધપાત્ર રહી દરેક સ્થળે વશંજોની એકતાની મુહિમ ચલાવી. અને ઉદેશ અને અભિયાનને જબરદસ્ત આવકાર મળ્યો. ચોટીલા સ્થળે આ વંશજ એકતા અને સંગઠનની આવશયકતાની એકી અવાજે વાતો થઈ શ્રી દિનેશભાઈ ચારોલાનુ સ્ટેજ સંચાલન કાબિલેદાદ હતુ. શ્રી યોગીનભાઈ છનિયારાએ તેમની આગવી છટામાં સંગઠનની જરૂરિયાત પર ભાર મુક્યો અને પૂરી મહેનત કરવાનુ સૌને આહવાન કર્યુ શ્રી બાબુભાઇ કરગથરા, જયસુખભાઈ લુહાર, તથા અન્યોના વક્તવ્ય બાદ શ્રી શાંતિભાઈ ખોડદિયાએ તેમની આગવી શૈલીમાં આ અભિયાન તથા સંગઠન, જાગૃતિ તથા એકીકરણ પર સવિસ્તાર વાતો કરી અને વંશજ એક હો નોં જયઘોષ બોલાવ્યો. વિશ્વકર્મા વંશજના શ્રી બિપિનભાઈ જાદવાણી, દિવ્યાબેન, બળદેવભાઈ વિસનગરાની સેવા પ્રશંસાપાત્ર રહી હતી કિન્નરીબેન અને તેમનુ પરિવાર પણ આ યાત્રામાં હર્ષભેર જોડાયેલ. સમગ્ર પાવન યાત્રા દરમિયાન થયેલ ખર્ચનુ (રૂા.૮૫૦૦૦/--ચોટીલા સમારોહના રૂા. ૫૫૦૦૦/- + ૩૦૦૦૦/- રથના શણગાર સાથે) સ્વયંભૂ વહન નિમ્ન અનુદાતાઓએ કરેલ છે. ૧. શ્રી યોગીનભાઈ છનિયારા સમારોહ અનુદાન રૂા. ૪૦૦૦૦/-) મારૂ નાનુ યોગદાન) ૨. શ્રી મનુભાઈ પિસાવડિયા ૩. શ્રી જગદીશભાઈ સચાણિયા ૪. શ્રી અરવિંદભાઈ ખારેચા, ગાંધીનગર ૫. શ્રી ભરતભાઇ કડીયા ૬. શ્રી હિતષભાઈ ખારેચા (આર્કિટેક્ટ) ૭. શ્રી અરવિંદભાઈ છનિયારા અને ૮. શ્રી બળવંતભાઈ લખવાડાનો સમાવેશ થાય છે. આ ઉદારશીલ અને ધર્મપરાયણ અનુદાતાઓ પ્રતિ સહદિલ આભાર-કૃતજ્ઞતા વ્યકત કરી અને તેઓ પરિવાર સહ વૈભવપૂર્ણ રહે, સ્વાસ્થ્યવર્ધક રહે, સદાબહાર રહે સાથે તેમના હસ્તકમળથી આવા ઉમદા અને ધર્મપોષક કાર્યો થતા રહે તેવી દાદા તથા માં ને અતઃકરણપૂર્વકની પ્રાર્થના. જય શ્રીવિશ્વકર્મા...

ગુર્જર સુથાર સમાજ અમરેલી દ્વારા વિશ્વકર્મા જયંતીની ઉત્સાહભેર ઉજવણી

પ્રાઇડ ઓફ પંચાલની અમરેલી જીલ્લા ટીમનું સન્માન કરાયું : પુજા-આરતી તથા સમુહભોજન યોજાયું

વિશ્વકર્મા ચેરીટેબલ ટ્રસ્ટ-અમરેલી ગુર્જર સુતાર સમાજ દ્વારા તા. ૧૪-૨-૨૨ના રોજ વિશ્વકર્મા જયંતીની ઉજવણી બાબા હનુમાન મંદિર મુકિતધામ સામે યોજાયેલ. આ પ્રસંગે સવારે ૧૦ કલાકે દાદાનું પુજન તથા આરતી કરવામાં આવેલ. દાદાની આરતી કમલેશભાઇ બોરાણીયા, રમેશભાઇ ખારેચાએ ઉતારી હતી. દાદાની પુજા અર્ચના શાસ્ત્રીશ્રી દિપકદાદાએ કરાવી હતી. આ પ્રસંગે સંસ્થાના આમંત્રણને માન આપી પધારેલ. પ્રાઇડ ઓફ પંચાલ ફાઉન્ડેશન અમરેલી જીલ્લાની ટીમના પિયુષભાઇ મકવાણા, સતિષભાઇ મકવાણા, વિશાલભાઇ મિસ્ત્રી તથા વિશાલભાઇ ખંભાયતા હાજર રહયા હતા અને દાદાની પુજા અને આરતીનો લાભ લીધો હતો આ પ્રસંગે પધારેલ પ્રાઇડ ઓફ પંચાલની ટીમનું ટ્રસ્ટના પ્રમુખ અરૂણભાઇ આદ્રેજાએ મોમેન્ટો આપી સન્માન કરેલ. આ પ્રસંગે પધારેલ અમરેલી જીલ્લા ભાજપ પ્રમુખ કૌશિકભાઇ વેકરીયાનું પણ મોમેન્ટો આપી સન્માન કરવામાં આવેલ.

ગુર્જર સુતાર સમાજ અમરેલીનું નવું વસ્તીપત્રકર તૈયાર કરવાનું હોવાથી દરેક જ્ઞાતિજનોનાં આધારકાર્ડ લઇ વસ્તીપત્રકનાં ફોર્મ ભરવાની કાર્યવાહી કરવામાં આવેલ.

આ પ્રસંગે બપોરે ૧૨.૩૦ કલાકે જ્ઞાતિ સમુહ ભોજન રાખવામાં આવેલ જેમાં બહોળી સંખ્યામાં જ્ઞાતિના ભાઇ-બહેનો બાળકો વડીલો વગેરે હાજર રહયા હતા. અને ભોજન પ્રસાદ લીધો હતો. આ સમગ્ર ઉત્સવને સફળ બનાવવામાં ટ્રસ્ટના પ્રમુખ અરૂણભાઇ આદ્રોજા, ઉપપ્રમુખ વિશાલભાઇ ખંભાયતા, મંત્રી વરૂણભાઇ વડગામા, સહમંત્રી જીતેન્દ્રભાઇ ભેંસાણીયા, ખજાનચી રતીભાઇ અડીએચા, કારોબારી સભ્ય મુકેશભાઇ બાસોપીયા, નિમેષભાઇ આદ્રેજા, હિતેષભાઇ આદ્રેજા તથા જ્ઞાતિના કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન દરેક જ્ઞાતિજનોએ કોવિડ-૧૯ની સરકારની ગાઇડલાઇનનું પાલન કરી કાર્યક્રમની ઉજવણી કરી હતી.

પ્રભાસ પાટણમાં વિશ્વકર્મા પ્રાગટય ઉત્સવ ઉજવાયો

શ્રી સોરઠીયા ગુર્જર સુતાર જ્ઞાતિ પ્રભાસ-પાટણ ખાતે વિશ્વકર્મા મંદિર ખાતે તા. ૧૪-૨-૨૨ વિશ્વકર્મા જયંતીની ઉજવણી કરવામાં આવેલ. જેમાં સવારે ૭ કલાકે પ્રાતઃઆરતી, સવારે ૧૦ થી ૧૨.૩૦ કલાક સુધી વિશ્વકર્મા ચાલીસાના પાઠ તથા ધુન રાખવામાં આવેલ તથા બપોરના ૧૨.૩૦ કલાકે રાજભોગ આરતી કરવામાં આવેલ તથા સાંજે ૫ થી ૭ ધુન-ભજન રાખવામાં આવેલ.

બપોરે સમુહ મહાપ્રસાદ ભોજન રાખવામાં આવેલ. જેમાં લગભગ ૨૫૦-૩૦૦ જેટલા જ્ઞાતિજનોએ પ્રસાદ લીધેલ. આ મહાપ્રસાદના સ્પોન્સર વેરાવળના બોયોટેડવાળા વાલજીભાઇ જીવરાજભાઇ નાંદોરીયા હતાં. આમ વિશ્વકર્મા જયંતીના દિવસે સવારથી સાંજ સુધીના ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ. આ વિશ્વકર્મા જયંતી ઉત્સવને સફળ બનાવવા. જ્ઞાતિના પ્રમુખ શાંતિભાઇ ચાંપાનેરા તથા ટ્રસ્ટીઓ દિનેશભાઇ ઉજેણીયા અને રમેશભાઇ પાટણવાડિયા તેમજ કાર્યકરોની ટીમે જહેમત ઉઠાવેલ.

લાલપુરમાં વિશ્વકર્મા જયંતીની સાથે શ્રમિકોને ઇ-શ્રમ કાર્ડ અપાયા

શ્રી ગુર્જર સુતાર વિશ્વકર્મા સમાજ લાલપુર દ્વારા વિશ્વકર્માજીના પ્રાગટય મહોત્સવની લાલપુર ખાતે આવેલ સુતાર સમાજની વાડીખાતે ધામધુમથી અને ભાવ અને ભકિતસભર વાતાવરણમાં ઉજવણી થઇ હતી. આ ઉત્સવ ઉજવવા લાલપુર જ નહીં લાલપુર તાલુકાના ગામો ઉપરાંત જામનગર-જામખંભાળીયાથી પણ સમાજના આગેવાનોએ ઉપસ્થિત રહીને આ મહોત્સવમાં ભાગ લીધો હતો.

પ્રાગટય મહોત્સવ નિમિત્તે દાદાનું પુજન, આરતી કરવામાં આવ્યા બાદ બપોરે શ્રી વિશ્વકર્મા પ્રભુજીને થાળા ધરવામાં આવ્યા બાદ ઉપસ્થિત સૌએ સમુહમાં મહાપ્રસાદ લીધો હતો.

ઇ-શ્રમ કાર્ડ

આ સાથે શ્રમજીવીઓને આસાનીથી ઇ-શ્રમ કાર્ડ મળી રહે તે માટે શ્રમજીવીઓને ઇ-શ્રમ કાર્ડ આપવાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત સરકાર શ્રી મકાન બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા કામદારોને ઓળખના પુરાવા તરીકે યુનિક નંબર સાથેના ઇ-શ્રમ કાર્ડ કાઢી આપવામાં આવ્યા હતા. ૧૦૦ જેટલા શ્રમજીવીઓએ આ કેમ્પના લાભ લીધો હતો.

પ્રમુખ ચંદુભાઇ સાંકેચ્યા, ઉપપ્રમુખ શાંતિભાઇ ગોરેચ્યા, ખજાનચી હિતેશભાઇ બકરાણિયા, મંત્રી દિપકભાઇ પીસાવડીયા, સહમંત્રી કાંતિભાઇ પીસાવડીયા, સભ્યો દિનેશભાઇ મગનભાઇ વડગામા, તેજસભાઇ મિસ્ત્રી, સચીનભાઇ અનુવાડીયા, ભરતભાઇ ભારદીયા યુવક મંડળના મિલન પીસાવડીયા, રવિકુમાર પીસાવડીયા, સચિન અનુવાડીયા, ભરત પીસાવડીયા, પુનિતભાઇ બકરાણિયા, દિવ્યેશભાઇ પીસાવડીયા, દર્શીત અંબાસણા, રવિ અંબાસણા વગેરેએ આયોજન સફળ બનાવ્યું હતું.

સહયોગ આપવા અપીલ

શ્રી ગુર્જર સુતાર વિશ્વકર્મા સમાજ લાલપુર દ્વારા સમાજની જગ્યાએ જ વિશ્વકર્મા પ્રભુજીનું દિવ્ય મંદિર તૈયાર થઇ રહયું છે. આ મંદિરના ખર્ચને પહોંચી વળવા દાતાઓના સહયોગની જરૂર છે. દાતાઓ પોતાનું અનુદાન સીધુ બેંકમાં જમા કરાવી શકે છે. તેમ પ્રમુખ ચંદુભાઇ સાંકેચ્યાએ જણાવ્યું છે.

બેંકની વિગત શ્રી ગુર્જર સુતાર વિશ્વકર્મા સમાજ-લાલપુર એકા. નં. ૧૧૫૭૦૧૦૦૦૦૨૧૫૨, બેંક ઓફ બરોડા-લાલપુર.

મોરબીમાં વિશ્વકર્મા જયંતિની ભક્તિભાવ પુર્વક ઉજવણી

મોરબી : મહાસુદ તેરસને તા. ૧૪/૨/૨૨ ના રોજ મોરબી ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા કોવિડ ગાઇડલાઇનના પાલન સાથે ભકિત પુર્ણ રીતે વિશ્વકર્મા જયંતિની ઉજવણી કરાઇ હતી. મોરબી વિશ્વકર્મા મંદિરે મંગળા આરતી, દાદાના દર્શન તથા પુજન અર્ચનનો લાભ લઈ જ્ઞાતિજનો ધન્ય થયા હતા. કોવિડ ગાઇડ લાઇન અનુસાર આ વખતે શોભાયાત્રા તથા સમુહ ભોજન મુલતવી રાખેલ પરંતુ દાદાનો પ્રસાદ સૌને મળે તે માટે ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા પ્રસાદરૂપે લાડુના પેકેટ તૈયાર કરી દરેક જ્ઞાતિજનોને આપવામા આવેલ તો સાથે સાથે આ પ્રસંગે વિશ્વકર્મા સોશ્યલ ગૃપ દ્વારા રક્તદાન કેમ્પનુ પણ આયોજન કરાયેલ જેમા સૌ જ્ઞાતિજનોએ ઉત્સાહપુર્વક ભાગ લઇ ૫૧ બોટલ રક્ત એકત્રિત કરેલ. આમ સૌ જ્ઞાતિજનોએ ભકિતભાવપૂર્વક વિશ્વકર્મા જયંતિની ઉજવણી કરી ધન્યતા અનુભવી હતી.

ગુર્જર સુતાર પ્રગતિ મંડળ-વડોદરા દ્વારા દાદાની પુજા-આરતી કરી વિશ્વકર્મા જયંતીની ઉજવણી કરાય

ગુર્જર સુતાર પ્રગતિ મંડળ-વડોદરા દ્વારા કારેલીબાગ ખાતે આવેલ સંસ્થાની વાડીમાં લવજીભાઇ અડીએચા હોલમાં વિશ્વકર્મા જયંતીની ઉજવણી કરવામાં આવેલ. કોરોના અને સરકારની ગાઇડલાઇનના કારણે દર વર્ષે યોજાતા શોભાયાત્રા તથા જ્ઞાતિ સમુહ ભોજનના કાર્યક્રમ બંધ રાખવામાં આવેલ. વિશ્વકર્મા દાદાની પુજા સવારે ૯ વાગ્યે તથા આરતી ૧૦ વાગ્યે કરવામાં આવેલ. દાદાની પુજામાં નરેન્દ્રભાઇ બાબુભાઇ વિસાવડીયા પરિવાર બેઠો હતો. પુજા બાદ સવારે ૧૦ વાગ્યે વિશ્વકર્મા ધુન મંડળના ભજનનો કાર્યક્રમ રાખવામાં આવેલ. સવારે પુજા-આરતી સહિત દિવસ દરમ્યાન દર્શનાર્થીઓ દર્શનનો લાભ લીધો હતો.

આ ઉત્સવને સફળ બનાવવા કાર્યવાહક કમિટીના પ્રમુખ શૈલેષભાઇ ઘોરેચા, ઉપપ્રમુખ જયંતીભાઇ નાયકપુરા, મંત્રી નરેન્દ્રભાઇ વિસાવડીયા, સહમંત્રી મુકેશભાઇ ઘોરેચા, ખજાનચી તેજશભાઇ અંબાસણા, સભ્યોમાં રમણીકભાઇ જોલાપરા, મહેશભાઇ નાયકપુરા, કનુભાઇ ભારદીયા, તુષારભાઇ એરપડા, નાનજીભાઇ સાપાવડીયા, શરદભાઇ પંચાસરા તથા એડહોક મનુભાઇ વિસરોલીયા અને જયંતીભાઇ વડગામા તથા કાર્યકરોની ટીમે જહેમત ઉઠાવી હતી.

શ્રી કાઠીયાવાડ મેવાડા સુથાર જ્ઞાતિ-રાજકોટ દ્વારા શ્રી વિશ્વકર્મા જયંતીની ઉજવણી



શ્રી કાઠીયાવાડ મેવાડા સુથાર જ્ઞાતિ-રાજકોટ દ્વારા ગત તા. ૧૪-૨-૨૨ મહાસુદ-૧૩ને સોમવારના રોજ શ્રી વિશ્વકર્મા જયંતીની ઉજવણી કરવામાં આવેલ તેમજ પ્રસાદનું આયોજન કરેલ.

વિશ્વ રચીયતા અને સમગ્ર દેવલોકના શિલ્પી શ્રી વિશ્વકર્મા પ્રભુજીની જન્મજયંતી પ્રસંગ મવડી ચોકડી પાસે, ઇન્દ્રપ્રસ્થ હોલ પાછળ, શ્રી કાઠીયાવાડ મેવાડા સુથાર જ્ઞાતિના સમાજ ખાતે વોર્ડ નં. ૧૧ના પૂર્વ કોર્પોરેટર તેમજ વિધાનસભા ૭૧ના ઇન્ચાર્જ શ્રી રાજુભાઇ બોરીચા, રાજકોટ શહેરના મેયરશ્રી પ્રદીપભાઇ ડવ, વોર્ડ નં. ૧૧ ભાજપ પ્રમુખશ્રી સંજયભાઇ પીપળીયા, વોર્ડ મહામંત્રીશ્રી સંજયભાઇ બોરીચા, વોર્ડ મહામંત્રી શ્રી રાજુભાઇ માલધારી, વોર્ડ મંત્રીશ્રી હરસુખભાઇ માકડીયા તે રાજકોટ-૭૧ના ધારાસભ્યશ્રી લાખાભાઇ સાગઠીયા તેમજ રાજકોટ શહેર વોર્ડ નં. ૧૧ના કોર્પોરેટરશ્રીઓ વિનુભાઇ સોરઠીયા, રણજીતભાઇ સાગઠીયા, લીલુબેન જાદવ, ફર્નાડીઝ પાડલીયા વગેરે આગેવાનશ્રીઓએ દાદાના દર્શનનો લાભ લીધેલ.

આ પ્રસંગે ગુજરાતના લોકલાડીલા હાસ્યસમ્રાટ શ્રી ધીરુભાઇ સરવૈયા ખાસ ઉપસ્થિત રહીને ઉપસ્થિત આગેવાનો તેમજ સર્વે મહેમાનોને હાસ્યરસથી તરબોળ કરેલ.

આ સમગ્ર કાર્યક્રમના આયોજન માટે કારોબારી પ્રમુખશ્રી પરેશભાઇ ધોરાજીયા, મેને.ટ્રસ્ટીશ્રી મહેન્દ્રભાઇ વાડોદરીયા તેમજ ઉપપ્રમુખશ્રી હરેશભાઇ ચુડાસમા, યુવક મંડળના પ્રમુખશ્રી યોગેશભાઇ રાણપરીયા તેમજ ઉપપ્રમુખ વિજયભાઇ રાણપરીયાએ ભારે જહેમત ઉઠાવેલ.

તાલાલાગીરમાં વિશ્વકર્મા જયંતીની ઉજવણી

દાદાની પુજા-આરતી, બપોરે મહાપ્રસાદ,તથા સાંજના જમણવાર સહિતના કાર્યક્રમો યોજાયા

શ્રી વિશ્વકર્મા પરિવાર મંડળ-તાલાલાગીર દ્વારા તા. ૧૪-૨-૨૨ના રોજ વિશ્વકર્મા જયંતીની ઉજવણી કરવામાં આવી હતી. સવારે ૧૦ વાગ્યે દાદાના પુજન માટે જ્ઞાતિજનો માટે ડ્રો યોજના રાખવામાં આવેલ. જે જ્ઞાતિજન પુજન આરતીમાં ભાગ લેવા માંગતા હોય તેમણે રૂા. ૫૦ની ટિકિટ ખરીદવાની હતી અને બાદમાં ડ્રોમાં ભાગ્યશાળી થનારને દાદાની પુજા-આરતીનો લાભ મળે. આ ટિકિટ ડ્રોમાં પુજા માટે જીજ્ઞેશભાઇ ગોપાલભાઇ વડગામાનું નામ આવતા તેઓ પરિવાર સાથે પુજામાં બેઠા હતાં.

બપોરના ૧૨ કલાકે જ્ઞાતિની સામાન્ય સભા યોજાયેલ જેમાં જ્ઞાતિ ઉત્કર્ષની ચર્ચા કરવામાં આવેલ. સમાજની જગ્યામાં પાણીના બોર કરાવવાનો હતો તે જ્ઞાતિની કારોબારી સભ્યોએ કરાવી આપેલ અને સબમર્શીબલ પંપ દિનેશભાઇ વડગામા, પ્રફુલભાઇ બકરાણિયા(રાજકોટ) તથા અશોકભાઇ વડગામા (રાજકોટ) તરફથી આપવામાં આવેલ.

આ પ્રસંગે હિનાબેન ચીમનભાઇ જાદવાણીને પ્રાયમરીમાં શિક્ષક તરીકેની નોકરી મળતા તેમનું બહુમાન કરવામાં આવેલ. તથા વિદ્યાર્થીઓને વિનામુલ્યે નોટબુક વિતરણ કરવામાં આવેલ.

આ વિશ્વકર્મા જયંતી પ્રસંગે બપોર તથા સાંજે બંને ટાઇમ જમણવાર રાખવામાં આવેલ. આ મહાપ્રસાદના સ્પોન્સર કાંતિભાઇ બકરાણિયા, લાલજીભાઇ સુદ્રા તથા ચીમનભાઇ જાદવાણી રહયા હતા.

આ ઉત્સવને સફળ બનાવવા કારોબારી હોદ્દેદારો પ્રમુખ ગોપાલભાઇ વડગામા, ઉપપ્રમુખ હરજીવનભાઇ સુદ્રા, મંત્રી લાલજીભાઇ સુદ્રા, સભ્યો કાંતિભાઇ બકરાણિયા, વિશાલભાઇ સંચાણિયા, ચીમનભાઇ જાદવાણી, દિલીપભાઇ બકરાણિયા, હરસુખભાઇ વડગામા તથા કાંતિભાઇ જાદવાણીએ જહેમત ઉઠાવી હતી.

ગોંડલ ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા દાદાની પુજા-આરતી કરી વિશ્વકર્મા જયંતીની ઉજવણી કરાઇ

ગોંડલ ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા તા. ૧૪-૨-૨૨ના રોજ જ્ઞાતિની ભોજરાજપરા ખાતે આવેલ વાડી ખાતે સવારે દાદાની પુજા તથા આરતી કરવામાં આવેલ. પુજામાં શ્રીમતી અંજલીબેન તથા સંકેત દિલીપભાઇ ઘોરેચા બેઠા હતા. કોરોના અને સરકારની ગાઇડલાઇનના કારણે જ્ઞાતિ સમુહ ભોન કે જ્ઞાતિ મિટીંગ રાખવામાં આવેલ ન હતી. સવારે બે કલાકના સમયમાં જ પુજા તથા આરતી કરવામાં આવેલ. અન્ય કાર્યક્રમ ન હોવાથી દર વર્ષે આજુબાજુના ગ્રામ્ય વિસ્તારમાંથી આવતા જ્ઞાતિજનો આવેલ નહીં અને મર્યાદિત સંખ્યામાં જ જ્ઞાતિજનો પધારેલ અને ચા-પાણીનો કાર્યક્રમ રાખેલ. તેમ જ્ઞાતિના પ્રમુખ જયસુખભાઇ નગેવાડિયાએ જણાવ્યું હતું.

જામખંભાળીયામાં શ્રી વિશ્વકર્મા જયંતી મહોત્સવ તથા ૧૬મો પાટોત્સવ ઉજવાયો

શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ જામખંભાળીયાના સંકુલ 'વિશ્વકર્મા બાગ'માં શ્રી વિશ્વકર્મા જયંતી મહોત્સવ તા. ૧૪-૦૨-૨૦૨૨ મહા સુદ-૧૩ને સોમવારના દિવસે ખુબ જ ધામધુમ તેમજ ઉત્સાહ પૂર્વક ઉજવવામાં આવ્યો હતો. સૃષ્ટિના સર્જનહાર અને આપણા આરાધ્ય દેવ શ્રી વિશ્વકર્મા દાદાના અતિ પાવન પર્વ વિશ્વકર્મા જયંતીના દિવસે અનેકવિધ કાર્યક્રમો જેમાં મંગળા આતી હવન ધ્વજારોહણ દાતાશ્રીઓનું સન્માન તથા શુદ્ધ ઘીના મોહનથાળ તેમજ પંચરત્ન ચેવડાનો મહાપ્રસાદ દરેક પરિવારને પેકેટ સ્વરૂપે આપવામાં આવ્યો હતો તથા સાંજે સંધ્યા મહાઆરતીમાં ૧૦૮ દિપની દિપમાળા પ્રગટાવવામાં આવી હતી જેના દર્શનથી ભાવિકો આનંદ વિભોર થયા હતા. સંધ્યા આરતી બાદ સૌ જ્ઞાતિજનોએ રાસ ગરબાની રમઝટમાં મન મુકીને રમ્યા હતા.

શ્રી વિશ્વકર્મા જયંતી મહોત્સવમાં દિવસ દરમ્યાનના તમામ કાર્યક્રમોના દાતા શ્રી ગં.સ્વ. નિર્મળાબેન મુળજીભાઇ વોરલીયા પરિવાર હસ્તે શ્રી ધવલભાઇ મુળજીભાઇ તથા ફાલ્ગુનીબેન ધવલભાઇ વોરલીયા હતા.

શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ જામખંભાળીયા દ્વારા ઉપરોકત દાતાશ્રીઓનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ સન્માન સમારોહમાં દાતાશ્રી પરિવારના ગં.સ્વ. ઉષાબેન રાઘવજીભાઇ વોરલીયાનું સન્માન બુકે તેમજ શાલ દ્વારા શ્રીમતી હંસાબેન મોહનભાઇ પંચાસરાએ કર્યું હતું. ધવલભાઇનું સન્માન શાલ/બુકેથી પ્રમુખ શ્રી હરૂભાઇ વઘાડીયાએ તથા રાજુભાઇ વી. વડગામાએ વિશ્વકર્મા પુરાણ અર્પણ કરી તેમજ સુંદરજીભાઇ સુરેલીયાએ સન્માનપત્ર આપી સન્માન કર્યું હતું. ફાલ્ગુનીબેનનું સન્માન શ્રીમતી વંદનાબેન સંચાણીયાએ શાલથી તેમજ સરોજબેન વડગામાએ વિરાટ વિશ્વકર્મા પ્રભુનો ફોટો અર્પણ કર્યો હતો. શ્રીમતી દિપ્તીબેન બકરાણિયાનું સન્માન શ્રીમતિ જયોત્સનાબેન સુરેલીયાએ કર્યું હતું. શ્રીમતી મધુબેન વડગામાનું સન્માન શ્રીમતિ જયશ્રીબેન બકરાણિયાએ કર્યું હતું. શ્રીમતિ શિતલબેન દુધૈયાનું સન્માન મનિષાબેન મેસવાણીયાએ કર્યું હતું. શ્રી પરસોતમભાઇ વોરલીયાનું સન્માન શ્રી ધીરુભાઇ અઘાડાએ કર્યું હતું. પ્રમુખશ્રી હરૂભાઇ વઘાડીયાનું સન્માન શ્રી પરમાણંદભાઇ સંચાણીયાએ કર્યું હતું. દાતાશ્રી પરિવારના ફાલ્ગુનીબેન વોરલીયાએ પોતાના પ્રાસંગીક પ્રવચનમાં ખંભાળીયા જ્ઞાતિનો આભાર વ્યકત કરી અને જ્ઞાતિની એકતા વિશ્વકર્મા બાગની સુંદર પ્રગતિ સ્વચ્છતા તથા મંદિરની ભવ્યતા દૃષ્ટાંત રૂપ હોવાનું જણાવ્યું હતું.

કાર્યક્રમનું સંચાલન જયંતીભાઇ સુરેલીયાએ કર્યું હતું. આ મહોત્સવને સફળ બનાવવા માટે જ્ઞાતિના નાના મોટા સૌ કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી હતી.

સ્વાગત પ્રવચન જયંતીભાઇ સુરેલીયાએ કરીને મહેમાનોને આવકાર્યા હતા.

વડોદરામાં 'સ્વયમ' બનાવશે વિશાળ વિશ્વકર્મા સંકુલ

શ્રી વિશ્વકર્મા અખિલ યુવા મંડળ ૨૨ વર્ષથી વિશ્વકર્મા જયંતીએ નગરયાત્રા કાઢે છે : સુપ્રસિદ્ધ કલાકાર અનિકેત મિસ્ત્રી દર વર્ષે અવનવી મૂર્તિ બનાવે છે

બરોડામાં શ્રી વિશ્વકર્મા અખિલ યુવા મંડળ 'સ્વયમ' દ્વારા છેલ્લા ૨૨ વર્ષથી 'વિશ્વકર્મા પ્રભુજી'ના પ્રચાર-પ્રસારનું કામ કરે છે. તેની સાથે ૨૨ વર્ષથી વિશ્વકર્મા જયંતીએ નગર યાત્રા પણ કાઢે છે. છેલ્લા બે વર્ષથી આ નગરયાત્રા નીકળી શકી ન હતી. પરંતુ આ વર્ષે કોરોનાની થોડી ઘણી સરકારે છુટછાટ આપતા આ વર્ષે નાની શોભાયાત્રા કાઢવામાં આવી હતી. કલાકાર અનિકેત મિસ્ત્રીકે જે ૨૨ વર્ષથી દાદાની પુર્તિ 'સ્વયમ' માટે સેવાના ભાવથી બનાવે છે. જેને નગરયાત્રામાં ફેરવાય છે. આ અનિકેતભાઇ મિસ્ત્રીના વર્કશોપથી શોભાયાત્ર શરૂ થઇ હતી. જે ભારવાડામાં આવેલ વિશ્વકર્મા પ્રભુજીના મંદિરે પહોંચી હતી.

શ્રી વિશ્વકર્મા અખિલ યુવા મંડળ 'સ્વયમ'ના વિમલભાઇ મિસ્ત્રી કહે છે, અમે સંસ્થાની શરૂઆત ૨૨ વર્ષ પહેલા અમો યુવાનોને લાગ્યુ કે, સમગ્ર સૃષ્ટિના સર્જક વિશ્વકર્મા પ્રભુજી હોવા છતાં અને આપણે સૌ તેના સંતાનો હોવા છતાં આપણને તેનુ ગૌરવ નથી. વિશ્વકર્મા પ્રભુજી શું છે ? તેનાથી લોકો વાકેફ થાય અને વિશ્વકર્મા પ્રભુજીએ કરેલ કાર્યથી સૌ વાકેફ થાય તેવા હેતુથી અમોએ સંસ્થા શરૂ કરી. અને ૨૨ વર્ષ પહેલા નગરયાત્રા શરૂ કરી. શરૂઆતમાં તો લોકો દાદાની મૂર્તિ જોઇને એમ માનતા કે આ તો ઝુલેલાલ છે, પરંતુ ધીમે ધીમે બધામાં જાગૃતિ આવી. અને નગરયાત્રામાં ૫૦૦૦ લોકો જોડાવા લાગ્યા આ વખતે તો કોરોનાની ગાઇડ લાઇન પ્રમાણે મર્યાદિત સંખ્યામાં લોકો જોડાયા હતા.

વિમલ મિસ્ત્રીએ કહયું કે, ૨૨ વર્ષ જુની અમારી સંસ્થા 'સ્વયમ'માં અનિકેત મિસ્ત્રી, ઉપરાંત સુનિલ મિસ્ત્રી, અતુલ મિસ્ત્રી, સમીર મિસ્ત્રી જેવા ૨૫ યુવાનોનું ગ્રુપ છે અને અન્ય પણ સવાસો લોકો જોડાયેલા છે. વિશ્વકર્મા સમાજના સર્વાંગી વિકાસ માટે માંજલપુરમાં ૩૦,૦૦૦ ચોરસ ફુટમાં મંદિર, વાડી, હોસ્ટેલ સહિતનું સંકુલ બનાવવાનું આયોજન છે. જમીનના દાતા જમીન દાનમાં આપવા તૈયાર છે ટુંક સમયમાં સંસ્થાનું રજીસ્ટ્રેશન કરાવી અમે યોજનાને આગળ વધારવા માંગીએ છીએ.

ચામુંડા માતાજીની બીજી શક્તિપીઠ રાજસ્થાનના સુંધા માતાજીએ જવા સીધી બસ સેવાનો પ્રારંભ

૯૦૦ વર્ષ જુના એવા પ્રાચીન સુંધા માતાજી મંદિર જે રાજસ્થાનમાં આવેલ છે. પવિત્ર આસ્થા સમા ચામુંડા માતાજીની બે શકિતપીઠો ચોટીલા અને રાજસ્થાનના સુંધા માતાજીએ જવા માટે રાજકોટથી સીધી બસ સેવા નહતી. રાજકોટના ધર્મપ્રિય દિપકભાઇ ભકોડીયા અને સાથી મિત્રોની અવારનવારની રજુઆત માટે દશેરાના પવિત્ર દિવસથી રાજકોટથી સુંધા માતાજી સુધીની બસ સેવાનો પ્રારંભ થયો હતો. બસના પ્રારંભ બાદ પ્રથમ ટ્રીપમાં દિપકભાઇ ભકોડીયા સહિતના ૩૦ જેટલા ભાઇ-બહેનો સુથાર જ્ઞાતિના જ હતા. આ લોકોએ બસને શણગારી ડ્રાયવરના સન્માન કરીને મીઠાઇની વહેંચણી કરવામાં આવી હતી અને બાદમાં પ્રથમ ટ્રીપ શરૂ થઇ હતી. ઉદયપુર, નાથદ્વારા બાદ રાજસ્થાનના ત્રીજા શહેરની આ બસ સેવા શરૂ થતા સુંધા માતાજીના ભકતોમાં આનંદની હેલી ઉઠી હતી.

રાજકોટથી સુંધા માતાજીની આ બસ રાજકોટથી સાંજે ૭.૩૦ કલાકે ઉપડી બીજે દિવસે સવારે ૬ કલાકે સુંધામાતા પહોંચે છે અને આજ સાંજે ૬ વાગ્યે સુંધા માતાથી ઉપડી બીજે દિવસ સવારે ૫ વાગ્યે રાજકોટ પહોંચે છે. એક ભાડુ રૂા. ૩૦૦ છે.

સુંધા માતાનું પ્રાચીન મંદિર લગભગ ૯૦૦ વર્ષ જેટલુ જુનુ છે. અહીં મા ચામુંડા 'સુંધામાતા' કહેવાય છે જે ઉંચી ટેકરી પર આવેલ છે, જેમાં 'સુંધા માતા'ની મૂર્તિ સ્થાપિત છે. આ મંદિર જાલોર જિલ્લાના ભીનમાલ તાલુકાના સુંધામાં સ્થિત થયેલ છે. રાજસ્થાન રાજયમાં સૌપ્રથમ રોપ-વે અહીં બનાવવામાં આવેલ છે. આ મંદિર સફેદ રંગના આરસના પથ્થરમાંથી બનાવવામાં આવેલ છે. જે આબુ ખાતેના દેલવાડા મંદિર સમાન દેખાય છે. આ સુંધા પર્વને રાજસ્થાની લોકો 'સુંધારો ભાખર'કહે છે. સુંધા પર્વતના ગર્ભગૃહમાં માં ચામુંડા દેવી બિરાજમાન છે. ગુફામંદિરમાં ચામુંડાદેવી-સુંધામાતાનાં સાનિધ્યમાં બ્રહમાણી, વારાહી વગેરે છ દેવીઓ બિરાજમાન છે. મા ચામુંડા-સુંધામાતા ધડરહિત દેવી છે. તેથી અહીં અઘટેશ્વરી કહેવાય છે. અહીં માતાજીનું મસ્તક પૂજાય છે. માતાજીની પાસે તલવાર મુકેલી છે. બાજુમાં વર્ષોથી અખંડ જયોત ઝગમગે છે. સામે જ ભૂરેશ્વર મહાદેવ છે. બાજુમાં ભોયરુ છે. આ ભોયરા દ્વારા આબુનો રાજ-પરિવાર માં ચામુંડાના દર્શન કરવા આવતો હતો. માતાજીની સન્મુખ ચાંદીથી મઢેલો સિંહ છે.

સુંધા પર્વત એટલે કુદરતની સોળે કળાનો બેસુમાન નજારો, ૪૦૦ ફૂટની ઉંચાઇએ આવેલુ કુદરતી રમણીય પવિત્રધામ એટલે માં સુંધાનો દરબાર, જેસલમેરના રણની રેતીની ધાની (રણની બારીક ધુળ) પણ જોવા મળે છે. આ ધાનિના ત્રણ પર્વત પણ આવેલા છે. મહારાણા પ્રતાપે હલ્દીઘાટી યુદ્ધ પછીના દુઃખમય દિવસો અહીં પસાર કર્યા હતા. ત્રિપુર રાક્ષસનો વધ કરવા સદાશિવ ભોળાનાથે અહીં પણ કર્યું હતું.

પ્રાચીન સમયમાં દેવી ચામુંડાનો દારૂ અર્પણ કરાતો, પરંતુ માલવાડાના ઠાકુર દુર્જનસિંહએ ૧૯૭૬થી દારૂ બલી બંધ કરાવ્યા અને સાત્વિક સ્વરૂપની પૂજાવિધિ શરૂ કારવી.

અહીંયા ત્રણ તકતીઓ મારવામાં આવી છે. (૧) ઇ.સ. ૧૨૧૨ ચૌહાણ વંશના રાજવીઓએ પરમાર વંશના રાજવીઓને હરાવીને વિજય પ્રાપ્ત કર્યો તેનો ઇતિહાસ વર્ણવે છે. (૨) ઇ.સ. ૧૩૨૬ની તખ્તી પણ છે. (૩) ઇ.સ. ૧૭૨૭ની તખ્તી પણ છે.

સુંધામાતા ટ્રસ્ટ દ્વારા ભાવિકો માટે માત્ર દસ રૂપિયાના દરે ભોજનની પણ વ્યવસ્થા કરવામાં આવેલ છે. ચોમાસાની ઋતુમાં આ પવિત્ર ધામ વધુ રમણીય અને સુંદર બની જાય છે. અહીંની એક ખાસ વાત બારેમાસ ટોચ પરથી તળેટી સુધી ખળખળતા પાણીના ઝરણા અને લીલીછમ હરિયાળી જોવા મળે છે. અહીંયા દર્શનાર્થીઓ માટે રોપવેની પણ વ્યવસ્થા છે. અહીંની પર્વતમાળામાં વન્ય પ્રાણીઓ પણ રહે છે જેમ કે હરણ, નીલગાય, ઝરખ, લીમડી વગેરે જેવા પ્રાણીઓનો સમાવેશ થાય છે.

અહીં રાત્રી રોકાણ માટે નવ ધર્મશાળાઓ સુંધા પર્વત પર છે.

સુરેન્દ્રનગરથી સુંધા માતા સુધીની સ્કુટર યાત્રા યોજાશે

સમસ્ત ગુ.સુ. સેવા ટ્રસ્ટ સુરેન્દ્રનગરનું આયોજન

સમસ્ત ગુ.સુ. સેવા ટ્રસ્ટ દ્વારા તા. ૧ એપ્રિલના રોજ સુરેન્દ્રનગરથી રાજસ્થાનમાં આવેલ સુંધા માતા સુધીની ૩૨૫ કિ.મી. સુધીની વિશ્વકર્મા વંશજોની સ્કુટર યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. સંસ્થાના પ્રમુખ બાબુભાઇ કરકથલાના જણાવ્યા પ્રમાણે આ સ્કુટર યાત્રા માટે ૪૫ યુવાનોના નામ નોંધાયા છે અને ૧૩ માર્ચ રવિવાર સુધી નામ નોંધવામાં આવશે. આ સ્કુટર યાત્રાના સંયોજક જાણીતા લેખક દિનેશભાઇ ગજજર રહેશે. યાત્રાનો પ્રારંભ ૧/૪ના રોજ અમાસેથી સુરેન્દ્રનગરથી નીકળી વિરમગામ, કડી, મહેસાણા પહોંચશે. જયાં ભોજન વિરામ થશે ત્યાંથી ઉંઝા પહોંચી રાત્રી વિરામ કરશે. બીજે દિવસે સવારે સિદ્ધપુર, પાટણ થઇ ડીસા પહોંચશે. જયાં ભોજન વિરામ થશે અને સાંજે સુંધા માતા પહોંચશે અને રાત્રિ રોકાણ થશે. યાત્રા ત્રીજે દિવસે વહેલી સવારે ડીસા, પાટણ, મોઢેરા, બહુચરાજી, થઇને રાત્રે સુરેન્દ્રનગર પરત પહોંચશે. પ્રમુખ બાબુભાઇએ જણાવ્યા પ્રમાણે આ યાત્રાનો ખર્ચ સંસ્થા ભોગવશે નહીં. જે તે યાત્રિકોએ ખર્ચ ભોગવવાનો રહેશે. વધુ વિગત માટે સંસ્થાના પ્રમુખ બાબુભાઇ (મો. ૮૧૨૮૧ ૭૬૪૩૮) અને યાત્રા સંયોજક દિનેશભાઇ (મો. ૯૮૨૫૭ ૭૬૨૭૪) પર સંપર્ક કરવો.

હેત પાટણવારીયા INSEF (નેશનલ સાયન્સ ફેર)માં પ્રથમ સ્થાને

રાજકોટની ધોળકીયા સ્કુલના ધો. ૯માં અભ્યાસ કરતા હેત આર. પાટણવારીયાએ INSEF નેશનલ સાયન્સ ફેરમાં સમગ્ર ભારતમાં પ્રથમ નંબર મેળવેલ છે. સમગ્ર દેશના ત્રણ પૈકી એક ચિ. હેત પ્રથમ સ્થાન મેળવી ધોળકીયા સ્કુલ, ગુર્જર સુતાર જ્ઞાતિ તથા પરિવારનું ગૌરવ વધારેલા છે. હવે પછી અમેરિકાના ન્યુયોર્ક ખાતે જુલાઇમાં યોજાતા ઇન્ટરનેશનલ સાયન્સ ફેરમાં પોતાનો પ્રોજેકટ રજુ કરી રાજય અને દેશનું પ્રતિનિધિત્વ કરશે.

ચિ. હેત, શ્રીમતિ રસિલાબેન તથા શ્રી મથુરભાઇ (ઉપાધ્યક્ષશ્રી ગુર્જર સુતાર પ્રગતિ મંડળ-રાજકોટ)ના પૌત્ર તથા માતા અલ્કાબેન તથા પિતા રજનીભાઇનું સંતાન છે. તેમના પ્રોજેકટનો હેતુ IV Fluid Controlling nd monitoring system છે. જે હોસ્પિટલમાં દર્દીઓ માટે ખુબ જ ઉપયોગી નીવડે છે. ઘણા બધા દર્દીઓની સારવારમાં ગ્લુકોઝની બોટલ ચડાવવામાં તે સમય અને ઝડપને નિયંત્રિક કરી વખતોવખત દર્દી તથા ડોકટર/નર્સને એલાર્મથી જાણ કરે છે. જેનાથી દર્દી કે તેઓના સગા જાતે ગ્લુકોઝ બોટલની ઝડપ વધ-ઘટ કરી શકતા નથી. તેમજ નર્સિંગ સ્ટાફ પણ આ એપ્લીકેશન IVF-CMSની મદદથી કયા દર્દીને ચડાવાતી બોટલ પુરી થવામાં છે તે જાણી શકશે. આ એપ્લીકેશનથી 'Bed I Volume ends in 5 minute' જેવો સંદેશો આવશે. જેથી દર્દી તથા તેના સગા તથા નર્સિંગ સ્ટાફ સચેત થઇ શકશે.

નર્સિંગ/ડોકટર સ્ટાફ દ્વારા ચડાવવામાં આવતા ગ્લુકોઝ કે મેડીકલ બોટલના પ્રવાહી નિયંત્રિતા સાથે સમયસર કાર્ય કરી શકશે.

અભિનંદન... હેત રજનીભાઇ પાટણવારીયા (મો. ૯૮૨૫૮ ૨૦૮૬૮)

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સના હોદ્દેદારોની બિનહરીફ વરણી

અમૃતલાલ ભારદીયા સહિત ૨૪ ડાયરેકટરોની બિનહરીફ વરણી

પ્રમુખ તરીકે વી.પી. વૈષ્ણવની પુનઃવરણી

છ દાયકા જુની મહાજનોની સંસ્થા એવી રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખપદે ફરી એક વખત વી.પી.વૈષ્ણવની વરણી કરવામાં આવી છે. આજે સવારે હોટલ ઇમ્પીરીયલ પેલેસ ખાતે યોજાયેલી બેઠકમાં વિવિધ હોદેદારોની વરણી કરવામાં આવી હતી. જે અંતર્ગત ઉપપ્રમુખ તરીકે પાર્થ ગણાત્રા, સેક્રેટરી તરીકે નૌતમભાઇ બારસીયા, જોઇન્ટ સેક્રેટરી તરીકે ઉત્પલભાઇ દોશી અને ખજાનચી તરીકે વિનોદભાઇ કાછડીયાની વરણી કરવામાં આવી હતી.

આજે સવારે ઇન્સ્ટોલેશન સમારોહ યોજાયો હતો. જેમાં પ્રમુખ અને હોદેદારો તથા કારોબારીના સભ્યોએ શપથ ગ્રહણ કર્યા હતા. ચેમ્બરની નવી ટીમ ૨૦૨૨ થી ૨૦૨૫ સુધીના ગાળા માટેની રહેશે. આજે સવારે યોજાયેલા સમારોહમાં મુંજકા આશ્રમના પરમાત્માનંદજી, મેયર પ્રદીપ ડવ, ધારાસભ્ય ગોવિંદભાઇ પટેલ તથા લાખાભાઇ સાગઠીયા, ચેમ્બરના પુર્વ પ્રમુખો, ઉદ્યોગપતિઓ, વેપારીઓ અને ચુંટણી સમીતીના સભ્યો ઉપસ્થિત રહયા હતા.

આ સમારોહમાં સૌ પહેલા મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું સ્વામી પરમાત્માનંદજીનું સ્વાગત સન્માન શ્રી વી.પી. વૈષ્ણવ અને અમૃતલાલ ભારદીયાએ કર્યું હતું અન્યનું સન્માન કર્યા બાદ ચુંટણી સમીતીના ચેરમેન હિતેશભાઇ બગડાઇએ ચેમ્બરના હોદ્દેદારોના નામોની જાહેરાત કરી હતી જેને ઉપસ્થિત લોકોએ તાળીઓથી વધાવી લીધી હતી.

આ પ્રસંગે પોતાના સ્વાગત પ્રવચનમાં પ્રમુખ વી.પી.વૈષ્ણવે જણાવ્યું હતું કે, રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ હર હંમેશ વેપાર ઉદ્યોગના પ્રશ્નો ઉકેલ લાવવા જાગૃત રહી છે. હવે રાજકોટ-સૌરાષ્ટ્રના વેપારીઓના પ્રશ્નોનો પડઘો દિલ્હી સુધી પડશે. તેમણે વેપારીઓને કોઇ પણ સંકોચ વગર પોતાના પ્રશ્નો ચેમ્બર સુધી પહોંચાડવા અનુરોધ કર્યો હતો. રાજકોટ ચેમ્બરની ચુંટણી સમરસ થઇ તે બદલ તેમણે તમામ સભ્યોનો આભાર માન્યો હતો અને જે વિશ્વાસ મુકવામાં આવ્યો છે તે ચરિતાર્થ કરવાની ખાત્રી પણ આપી હતી.

આ સમારોહમાં ચુંટણી સમીતીના તમામ સભ્યો ઉપસ્થિત હતા જેમાં ચેરમેન હિતેશભાઇ બગડાઇ ઉપરાંત ડો. પુરસોતમભાઇ પીપળીયા, આર.એમ. વારોતરીયા, સુનીલભાઇ શાહ, રામભાઇ બરછા પણ ઉપસ્થિત હતા.

આ પ્રસંગે જીલ્લા પંચાયતના પ્રમુખ ભુપતભાઇ બોદર પણ ખાસ ઉપસ્થિત રહયા હતા. આ ઉપરાંત ચેમ્બરના ભુતપુર્વ તમામ પ્રમુખ પણ હાજર રહયા હતા અને નવી ટીમને શુભકામનાઓ પાઠવી હતી. કાર્યક્રમમાં સુતાર જ્ઞાતિના અધ્યક્ષ મુકેશભાઇ વડગામા, ટ્રસ્ટીઓ દિનેશભાઇ ખંભાયતા, મુકેશભાઇ વડગામા, ઉપપ્રમુખ કાંતિભાઇ તલસાણિયા, ખજાનચી અરવિંદભાઇ ત્રેટીયા, હર્ષદભાઇ બક્કરાણિયા, કેળવણી મંડળના ભરતભાઇ ખારેચા, કન્યા છાત્રાલયના ચેરમેન જગુભાઇ ભારદીયા, મંત્રી ધનજીભાઇ પંચાસરા, મગનભાઇ બોરાણીયા વગેરે ઉપસ્થિત રહયા હતા. ભોજન સમારંભ સહિતનો આ કાર્યક્રમ અમૃતલાલ ભારદીયા (રવિ ટેકનોફોર્જ)એ સ્પોન્સર કર્યો હતો.

રાજકોટ શહેરના વિકાસ કાર્ય સાથે વિશ્વકર્મા દાદાનું નામ જોડો

વિશ્વકર્મા સમાજના આગેવાનોએ આવેદન પત્ર આપ્યું

રાજકોટ શહેરના અગ્રણી ઉદ્યોગપતિ અશોક મશીન ટુલ્સવાળા અશોકભાઇ મિસ્ત્રીએ તમામ વિશ્વકર્મા વંશજોને સાથે રાખીને મેયર શ્રી પ્રદીપભાઇ ડવ સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન પુષ્કર પટેલ, ધારાસભ્ય વગેરેને આવેદન પત્ર આપી રાજકોટ શહેરમાં કોઇ સારી જગ્યાનું વિશ્વકર્મા પ્રભુજીનું નામ કરણ કરવાની માંગણી કરી છે. માંગણીનો મેયર અને સ્ટેન્ડીંગ કમિટી ચેરમેને સારો પ્રતિસાદ આપી. જે જગ્યાએ વિશ્વકર્મા પ્રભુજીનું નામકરણ કરવાનું હોય તે જગ્યા નકકી કરવા જણાવવા કહયુ છે. હવે વિશ્વકર્મા વંશજો સ્થળ પસંદ કરી કોર્પોરેશનને જણાવશે.

કોર્પોરેશનના પદાધિકારીઓને અપાયેલ આવેદન પત્રમાં જણાવવામાં આવ્યું છે કે, રાજકોટ શહેરમાં બહોળી સંખ્યામાં વિશ્વકર્મા વંશજોનો સમાજ જે લુહાર, સુથાર, કડીયા, સોની, કંસારા તરીકે પ્રચલિત છે. જયાં આ સમાજની કુલ વસ્તી રાજકોટ શહેરની વસ્તીના ૨૦ ટકા જેટલી છે. આ વિશ્વકર્મા સમાજ વિવિધ હુન્નરો સાથે જેવા કે એન્જિનિયરીંગ લાઇન, મશીન ટુલ્સ, બાંધકામ ક્ષેત્ર, કલા કારીગરી, સોના ચાંદી કામ, ઇમીટેશન જવેલરી તેમજ અન્ય ઘણા ક્ષેત્રો સાથે સંકળાયેલા છે અને શહેરની આર્થિક પ્રવૃત્તિમાં સામેલ થઇ દરેક સાથે મળીને વિકાસ કાર્યમાં સતત પ્રવૃત્તિશીલ રહે છે.

પૂજય વિશ્વકર્મા દાદાની પ્રેરણાથી વિશ્વકર્મા સમાજ સાથે ખુબ જ પ્રગતિ કરી રહેલ છે અને શહેરના વિકાસકાર્યમાં અગ્રેસર બની રહેલ છે. રાજકોટમાં વિવિધ ઇન્ડસ્ટ્રીયલ ઝોન આવેલા છે. ચારે દિશાઓમાં સતત વિકાસ થઇ રહે છે. તેમાં પુજય વિશ્વકર્મા દાદા જે આ શ્રૃષ્ટિના રચયિતા છે, જે વિષ્ણુ સ્વરૂપ છે અને તેમના નામનો કયાંય ઉલ્લેખ કે નામકરણ નથી. તે ખુબ જ દુ:ખદાયક છે.

ગુજરાતના અન્ય શહેરોમાં વિશ્વકર્મા ચોક, વિશ્વકર્મા રોડ આ પ્રકારનું નામકરણ થયેલ છે, તો રાજકોટમાં કેમ ન થઇ શકે ? રાજકોટમાં અનેક જગ્યાઓ પર અન્ય દેવી દેવતા તથા અનેક સમાજના સંતો મહાત્માની પ્રતિમાઓ મુકવામાં આવેલ છે. પરંતુ શ્રૃષ્ટિના રચયિતાનો કોઇપણ સ્થળ પર ઉલ્લેખન નથી.

ઉપરોકત બાબતે પૂજય વિશ્વકર્માના વંશજોની વિનંતી સહ માંગણી છે કે રાજકોટ શહેર અમારા પૂજય વિશ્વકર્મા દાદા નામ સંલગ્ન કોઇપણ ચોક, વિસ્તાર, રોડ કે ઇન્ડસ્ટ્રીયલ ઝોનનું પુજય વિશ્વકર્મા દાદાના ઉલ્લેખ સહ નામકરણ કરવું.

કોર્પોરેશનના પદાધિકારીઓને આવેદનપત્ર આપવામાં આવ્યું ત્યારે અશોકભાઇ રાઠોડની સાથે, લુહાર સમાજના પ્રમુખ રાજુભાઇ લુહાર સમયના પરેશભાઇ દાવડા, યોગેશભાઇ સોલંકી, બાબુભાઇ હરસોરા, ઇશ્વરભાઇ પરમાર, પ્રવીણભાઇ આલોરીયા, નગર સેવિકા કંચનેન સિદ્ધપુરા, વિશ્વકર્મા લુહાર ધર્મના પ્રવીણભાઇ કવૈયા, યોગીનભાઇ છનિયારા વગેરે ઉપસ્થિત રહયા હતા.

ગુર્જર સુતાર જ્ઞાતિ ભાવનગર દ્વારા નવી રીનોવેટેડ જગ્યામાં વિશ્વકર્મા જયંતીની સાદાઇપૂર્વક ઉજવણી

ગુર્જર સુતાર જ્ઞાતિ-ભાવનગર દ્વારા સુતારવાડ ખાતે આવેલ વિશ્વકર્મા મંદિર ખાતે તા. ૧૪-૨-૨૨ના રોજ વિશ્વકર્મા જયંતીની ઉજવણી સાદાઇપૂર્વ ઉજવણી કરવામાં આવેલ. આ પ્રસંગે પુજા-આરતી સિવાય કોઇ કાર્યક્રમ રાખવામાં આવેલ નહીં. દર્શનાર્થે આવેલ દરેક દર્શનાર્થીઓને પ્રસાદ આપવામાં આવેલ.

મંદિરની આ જગ્યાનું લગભગ છેલ્લા એકાદ વર્ષ રીનોવેશનનું કામ ચાલું હતું. જેમાં મંદિરનાં ગૃભગૃહમાં કબર-ટાઇલ્સ લગાડવામાં આવેલ. લગ્ન હોલમાં કલર-ટાઇલ્સ લગાડેલ અને આખી જગ્યામાં કલર કરવામાં આવેલ. અને આ વાડીની જગ્યાને નવું રૂપ આપવામાં આવેલ અને હાલમાં વિશ્વકર્મા જયંતી પહેલા કામ પૂર્ણ થતાં આ નવી રીનોવેટેડ જગ્યામાં પ્રથમવાર વિશ્વકર્મા જયંતીની ઉજવણી કરવામાં આવેલ તેમ જ્ઞાતિના અગ્રણી હરેશભાઇ તલસાણિયાએ જણાવ્યું હતું.

કારીગર વિકાસ બોર્ડની રચના કરવા મહારાષ્ટ્ર સરકારને પત્ર લખી માંગણી કરતા મુંબઈના પ્રવીણભાઈ બોરાણીયા

મહારાષ્ટ્રના ધડક સુથાર કારપેન્ટર યુનિયનના અધ્યક્ષ મુંબઈના પ્રવીણભાઈ બોરાણિયાએ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદય ઠાકરેને પત્ર લખી કારીગર વિકાસ બોર્ડની રચના કરવા માંગણી કરી છે. આ માંગણી અંગેના પત્રમાં જણાવવામાં આવ્યું છેકે, ખેડુત તથા માછીમારો માટે વિકાસ બોર્ડની રચના કરવામાં આવેલ છે અને કરોડો રૂપિયા ખર્ચવામાં આવે છે. ખેડુતો અને માછીમારોની લોન માફ કરવામાં આવે છે. જયારે સુથાર, લુહાર, કુંભાર, સોની, કબીરા, શિલ્પી જેવા પરંપરાગત કારીગરોની ઉપેક્ષા કરવામાં આવે છે. ભારતમાં વસ્તીના ૧૫ ટકા કારીગરોની વસ્તી છે. જેથી કારીગર વર્ગની વસ્તુ બહુ મોટી છે. આજકાલ આધુનિક મશીનરી આવી જતાં કારીગરોની હાલત વધુ કફોડી બની છે. માટે વર્ષોથી સંઘર્ષ કરતા વિશ્વકર્મા સમાજના કારીગરો માટે કારીગર વિકાસ બોર્ડની રચના કરવી જોઇએ. તેવી આ પત્રમાં મહારાષ્ટ્ર સરકારને વિનંતી કરવામાં આવેલ છે. મહારાષ્ટ્ર સરકાર સમક્ષ આવી કારીગર વિકાસ બોર્ડની રચના અંગે હજુ સુધી કોઇએ કરી નથી જે આ ધડક સુથાર કારપેન્ટર યુનિયનના અધ્યક્ષ પ્રવીણભાઇ બોરાણીયા પ્રથમ છે.

રાજભવનમાં રાજયપાલની હાજરીમાં યોજાયેલ પુરસ્કાર વિતરણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા પ્રવીણભાઈ બોરાણીયા

મહારાષ્ટ્રના રાજભવન-મુંબઇ ખાતે તા. ૨૫નાં રોજ મહારાષ્ટ્રના ધડક કામગાર યુનિયન દ્વારા કામગાર મિત્ર પુરસ્કાર વિતરણ અંગેના કાર્યક્રમનું આયોજન મહારાષ્ટ્રનાં રાજયપાલ માનનીય કોશ્યારી સાહેબના અધ્યક્ષસ્થાને યોજાયેલ.

જેમાં જુદા જુદા ૨૦-૨૫ જેટલા લોકોને રાજયપાલશ્રીના હસ્તે પુરસ્કૃત કરાયેલ. ખુબ જ મર્યાદિત લોકોની સંખ્યામાં યોજાયેલ આ કાર્યક્રમમા મહારાષ્ટ્ર ધડક સુથાર કારપેન્ટર યુનિયનના અધ્યક્ષ મુંબઇનાં પ્રવીણભાઇ બોરાણિયાને પણ આમંત્રણ મળેલ જેથી તેઓ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહયા હતા.

આ સમારંભમાં રાજયપાલશ્રીએ વિશ્વકર્મા દાદાને યાદ કરી જણાવ્યું હતું કે, કારીગર એ વિશ્વકર્મા રૂપ છે - અવતાર છે. આમ રાજભવનમાં યોજાયેલ કાર્યક્રમમાં પ્રવીણભાઇ બોરાણીયાને આમંત્રણ મળતા આપણા સમાજનું ગૌરવ વધેલ છે.

શ્રી વિશ્વકર્મા કેળવણી મંડળ સુરત આયોજિત VPL એટલે કે વિશ્વકર્મા પ્રીમિયર લીગ

શ્રી વિશ્વકર્મા કેળવણી મંડળ સુરત આયોજિત ક્રિકેટ ટુર્નામેન્ટ, VPL નો આરંભ આજ થી પાંચ વર્ષ પહેલા ૧૪, ૧૫ એપ્રિલ ૨૦૧૮ માં સુરત મુકામે રંગણી ફાર્મથી થઇ હતી. સમાજના વડીલ-યુવા પેઢી એક થાય તેવું સ્વપ્ન જોયું અને એમ વિચાર આવ્યો કે તે સ્પોર્ટથી શક્ય બનશે તે માટે પ્રમુખ આર. કે. ચંદ્રેશા અને મંત્રી ગોપાલ વડગામા દ્વારા ક્રિક્ટ ટુર્નામેન્ટ માટે નવ યૂવાનોની ટીમ બનાવવાની જવાબદારી અશોક માંડવીયાને સોપવામાં આવી હતી અને તેમને આ કાર્ય માટે ભાવેશ અરવિંદભાઈ કલસારા તેમજ શ્રી જયદીપ ડાહ્યાભાઈ ઉજેનીયાની પસંદગી કરી, આ બંને નવયુવાનો એ પોતાની યંગ બ્રિગેડ બનાવી અને ફક્ત ક્રિકેટ જ ઉદ્દેશ નહી પરંતુ એક ચોક્કસ લક્ષ્ય સાથે આગળ વધ્યા કે ક્રિકેટ ટુર્નામેન્ટ તો ચોક્કસ થશે અને નવ યુવાનોનુ સુરત મુકામે ગ્રુપ પણ બનશે પરંતુ સાથે ટુર્નામેન્ટ માટે જે ટીમ ફી લેવામાં આવશે તે ફક્ત ને ફક્ત કેળવણી મંડળ દ્વારા સમાજના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શિક્ષણ માટે વપરાય તેવુ સપનું સેવ્યું. આપ સર્વે ને જણાવીને આનંદ થાય છે કે આજે ૨૦૨૨ માં VPLના પાંચ વર્ષ પૂર્ણ થયાને દર વર્ષ આ નવ યુવાનો આ કાર્યમાં સફળ રહ્યાં. આ ક્રિકેટ ટુર્નામેન્ટ સ્પોન્સર દ્વારા આવેલ ફંડમાંથી રમાતી હોય છે. આ વર્ષે ૬, ૭, ૮ ૯ જાન્યુઆરી ૨૦૨૨ના રોજ દેવ વિલા ગ્રાઉન્ડ પર VPLની પાંચમી સિઝન પૂર્ણ થઈ. એક બીજ જે રોપાયું હતું, એક આશા અને સપનાઓ સાથે તે આજ વટવૃક્ષ બની ગયું છે આજે ફક્ત સુરતની ૧૨ જેટલી ટીમ તેમજ ૧૮૦ જેટલા પ્લેયરનુ ગ્રૂપ છે અને સુરતમાં VPL તે નવ યુવાનો માટે ક્રિકેટ નહી પરંતુ તેમના માટે એક તહેવાર હોય તેવી રીતે આનંદ અને ઉલ્લાસથી ઉજવી રહ્યા છે. આ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ૪ દિવસ સુધી સમાજના દરેક વડીલ હાજરી આપી નવ યુવાનોનો જુસ્સો વધારતા હોય છે અને દરેક મંડળના પ્રમુખ એક સ્ટેજ પર એક સાથે બેસી સમાજની એકતાનુ પ્રતીક બને છે. આ ચાર દિવસ યુવાનોની સેવાની ટીમ પણ છે જે ફક્ત પોતાનુ કામ કરી જતી રહે છે કોઈ પણ નામ અને માનની અપેક્ષા વગર, જેમાં અમારા લોક લાડીલા ગોપાલ અશોકભાઈ ઉચડિયા કોમેન્ટરી દ્વારા બધાનુ મનોરંજન પૂરું પાડે છે. અને સાથે ધવલ ધારેયા, ચિરાગ પાટણવાડીયા, રવી સોંડાગર, સંદિપ માંડવીયા, પરેશ સોનિગ્રા, અંકિત ઉચડીયા, મનીષ ઊજેનીયા, વિપુલ પાટણવાડીયા તેમજ દરેક ટીમના કેપ્ટન અને પ્લેયર પણ આ ક્રિકેટ ટુર્નામેન્ટમાં સેવામાં જોડતા હોય છે અને શ્રીમાન સ્નેહલ કલસારા તેમજ શ્રીમાન અશોક માંડવીયા દ્વારા આ આયોજન માટે ખુબજ સારું એવું આર્થિક તેમજ સામાજિક મદદ કરતા હોય છે અને VPL હર હંમેશ માટે આપના ઋણી રહેશે, ટૂંકમાં કહું તો આ બંને વ્યક્તિત્વ VPLના અશોક સ્તંભ છે. હું શ્રી વિશ્વકર્મા કેળવણી મંડળના પ્રમુખશ્રી આર.કે. ચંદ્રસા અને મંત્રી શ્રી ગોપાલ વડગામા તથા ટ્રસ્ટીશ્રીઓએ VPL ના આયોજનમાં યુવાનોને સંપૂર્ણ સ્વતંત્રતા આપી હતી અને આ યુવાનો એ VPL દ્વારા સાબિત કરી બતાવ્યું કે યુવા શક્તિ કઈ રીતે એકતાનું કામ, બધાને જોડવાનું કામ કરે છે.

ઊપરાંત કેળવણી મંડળના તમામ ટ્રસ્ટીઓ દ્વારા દર વર્ષે સ્પોન્સરશીપ અને વ્યક્તિગત રીતે આર્થિક યોગદાન પણ આપવામાં આવે છે. આ માટે હું કેળવણી મંડળના પ્રમુખ આર.કે. ચંદ્રેસા, મંત્રી ગોપાલ વડગામા, ખજાનચી ધર્મીનભાઈ સુરેલીયા, કન્વીનર અશોકભાઈ માંડવીયા, તથા ટ્રસ્ટીશ્રીઓ ભરતભાઈ આસલપરા, હસુભાઈ વઘાડીયા, દિલીપભાઈ સોડાગર, ઇશ્વરભાઇ મિસ્ત્રી, બકુલભાઈ ધારૈયા, રમેશભાઈ તલસાણીયા, ત્રંબકભાઈ આહલપરા આ તમામ ટ્રસ્ટી મંડળ અમારા પરનો વિશ્વાસ અને પ્રોત્સાહન માટે હું ખરા દિલથી આભાર વ્યક્ત કરૂં છું.

આપ સર્વેને આવતા વર્ષ VPL માટે હું આમંત્રિત કરૂં છું, આવો ને સર્વ સાથે મળીને નહી કે ફક્ત ક્રિકેટ પરંતુ શિક્ષા અને એકતા માટે ભેગા થઈ અને સમાજના આ નવ યુવાનોને એક નવો માર્ગ બતાવીયે, દરેક સમાજનો નાગરિક એક સાથે હાથમાં હાથ મિલાવીને અને દરેક નાના મોટા મંડળને એક છત્ર છાયા નીચે લાવીને જોડે આગળ વધીએ.

સુરતથી અશોક માંડવીયાના જય શ્રી વિશ્વકર્મા,

ચીંકી અને મીંકી / (બાળવાર્તા)

- કેશવ સુથાર

ચીંકી અને મીંકી નામની બે બહેનો હતી. ચીંકી ભણવામાં હોશિયાર. મીંકી ગાવામાં ઉસ્તાદ ! જ્યાં જાય ત્યાં સાથે જ જાય. ઘડીભર એકબીજી વગર રહી ન શકે ! ક્યારેય કોઈ વસ્તુ માટે જીદ ન કરે. પરંતુ ભણવાની વાત આવે એટલે ઘણીવાર ઝઘડે. ઈર્ષ્યા કરે. ચીંકી પરીક્ષામાં સારા ગુણ મેળવે અને મીંકી માંડ માંડ પાસ થાય, ત્યારે ચીંકી મીંકીને ચીડવે ! શાળામાં સંગીતનો કાર્યક્રમ હોય તો મીંકી વિજેતા થાય. ચીંકીનો અવાજ બેસૂરો એટલે ગાતાં જ ન આવડે ! તે સમયે મીંકી ચીંકીને ચીડવે ! ઘણીવાર બંને બહેનો વચ્ચે કિટ્ટા થઈ જાય !

પરીક્ષા હોય કે લેખન-વાંચન; ચીંકી તો પ્રથમ નંબરે જ હોય ! ધીરેધીરે તેને 'હોશિયાર' હોવાનું અભિમાન થવા લાગ્યું ! વાતવાતમાં મીંકીને ચીડવે. અને કહે,

''તું તો 'ઠોઠ' છે, બસ ગળું ફાડફાડ કરે છે...! હા...હા...''

કંટાળીને મીંકીએ એના પપ્પાને ફરિયાદ કરી. ચીંકીને તેના પપ્પાએ ઠપકો આપતાં કહ્યું,

''કેમ, તું મીંકીને હેરાન કરે છે ? કોઈ ઠોઠ કે હોશિયાર નથી. દરેક માણસમાં કંઈક ને કંઈક ખાસિયત હોય છે. કોઈએ અભિમાન કરવું જોઈએ નહીં...''

ચીંકી ચૂપચાપ સાંભળતી રહી.

એક દિવસની વાત છે. ચીંકી અને મીંકી નિશાળે ભણવા જતી હતી, ત્યારે રસ્તામાં એક મોટો ડાઘિયો કૂતરો મળ્યો. તેને તેનો શિકાર મળ્યો એટલે ખુશ થઈ બોલ્યો,

''હું તમને કરડી જઈશ...!''

ચીંકી અને મીંકી તો ડરી ગઈ !

''કૂતરાભાઈ, અમને નિશાળે જવા દો...'' રડતાં રડતાં બોલી. પણ કૂતરો માન્યો નહિ ! ફરીવાર તેઓએ ખૂબ આજીજી કરી એટલે તેને થોડી દયા આવી. કૂતરાને સંગીત પસંદ હોવાથી તેણે એક શરત કરી,

''જે મને ગીત ગાઈને સંભળાવશે એને જવા દઈશ...''

મીંકી શરત પૂરી કરવા તૈયાર થઈ ગઈ. તેણીએ સુંદર મજાનું ગીત ગાયું. કૂતરો તો ખૂબ ખુશ થયો. અને મીંકીને જવાનું કહ્યું. પછી ચીંકીનો વારો આવ્યો. તેણે કહ્યું, ''હવે તું ગીત ગાવ...''

ચીંકી રડતાં રડતાં બોલી,

''કૂતરાભાઈ, મને ગાતાં આવડતું નથી... મહેરબાની કરીને મને જવા દો...!'' કૂતરો જિદ્દી હતો. તેણે ફરીથી કહ્યું,

''તારે ગીત તો ગાવું જ પડશે...!''

તેણીએ ખૂબ કાલાવાલા કર્યા પણ તે માન્યો નહિ ! છેવટે મીંકીએ વિનંતી કરતાં કહ્યું,

''કૂતરાભાઈ, હું તમને ગીત સંભળાવું; પણ મારી બહેનને જવા દેશો...''

તેણે માંડ હા પાડી. મીંકીએ ફરીથી સરસ ગીત ગાયું. કૂતરો રાજી થયો. અને ત્યાંથી ચાલી નીકળ્યો... મીંકીએ ચીંકીને કહ્યું,

''તારી હોશિયારી તને બચાવવા આવી...!?''

ચીંકીને તેની ભૂલ સમજાઈ. ખાધું પીધું ને મોજ કરી.

પ્રેરક પ્રસંગ

હરિશ્ચંદ્ર. શરીરને કસીને સુદ્રઢ બનાવો.

બાળગંગાધર તિલક જ્યારે નાના હતા ત્યારે તેમનું શરીર સાવ માયકાંગલું હતું. આંખો નબળી. માથામાં ખોડો થયેલો. પણ જેમ જેમ એ સમજણા થવા લાગ્યા તેમ તેમ એમને થયું કે, પહેલાં શરીર બરાબર કસવું જોઈએ. ' પહેલું સુખ તે જાતે નર્યા' તેથી તેમણે પોતાનું શરીર મજબૂત અને ખડતલ બનાવવાનું કામ હાથમાં લીધું.

બસ, પછી તો ચીવટથી એ આ કામ પાછળ મંડી પડ્યા. રાત ને દિવસ બસ એનું જ ચિંતન. વ્યાયામ,દંડ,બેઠકથી શરીર સશક્ત બનાવ્યું. અને બાળે ખરેખર પોતાનો સંકલ્પ પાર પાડ્યો. એમનું શરીર સશક્ત બની ગયું.

સૌજન્યઃ અચલા.

(લેખકનો લેખઃ શરીરને કસીને સુદ્રઢ બનાવોમાંથી સારવીને)

હસી લઈએઃ

ઘરનાં સૌ સભ્યો જમી રહ્યાં હતાં. અચાનક દાળમાંથી બટન નીકળ્યું. વડીલે કહ્યું, ' જુઓ દાળમાંથી બટન નીકળ્યું . રસોઈમાં ધ્યાન આપો.' નાનકડો રાજુ બોલ્યો, (રાજી થઈને)' અરે, આ બટન તો ગઈકાલથી હું શોધી રહ્યો છું.'

(સૌજન્યઃ બાલસેતુ)

૨૨મી વાર્ષિક પુણ્યતિથિએ

શ્રદ્ધાંજલી

સ્વ. કનુભાઈ
મોહનલાલ સીનરોજા
સ્વ. તા. ૦૪-૦૩-૨૦૦૦

તમારા હૈયામાં હતી હામ જગતને જીતવાની,
તમારી વાતો હતી લોકોના હૈયા જીતવાની,
તમારો તરવરાટ હતો હજારોને પ્રેરણા સ્ત્રોત.
પ્રભુ આવા દિવ્ય, પરોપકારી આત્માને
શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

ગં.સ્વ. ભારતીબેન કનુભાઈ સીનરોજા - સુનિલભાઈ કનુભાઈ સીનરોજા
વિશાખા સુનીલભાઈ સીનરોજા - કૃપલ સુનીલભાઈ સીનરોજા

INNOVATIVE mould works

ઈનોવેટીવ મોલ્ડ વર્કસ પરિવાર - રાજકોટ

કલા, કારીગરી અને કૌશલ્યને ઉજાગર કરતું
એક માત્ર મલ્ટી મીડિયા મેગેઝીન

વિશ્વકર્મા વિશ્વ

ઘર બેઠા
લવાજમ ભરો
ઘેર બેઠા
વિશ્વકર્મા મેળવો

લવાજમ ભરવા

Paytm OR G Pay કરો

મો.૯૦૯૯૯ ૪૯૫૬૫ પર લવાજમ ભરી આજ નંબર પર વોટસએપ પર એડ્રેસ મોકલી આજ નંબર પણ જાણ કરો...

આપને ઘેર બેઠા વિશ્વકર્મા જયંતી અને દિપોત્સવી વિશેષાંક સાથે આખુ વર્ષ વિશ્વકર્મા વિશ્વ મળતુ રહેશે.

વધુ માહિતી સંપર્ક : પ્રવીણ ગજજર - મો. ૯૦૯૯૯ ૪૯૫૬૫

VISHWAKARMA VISHWA(Gujarati), MONTHLY, RNI Regd. No. GUJGUJ/2013/49269. Post Reg. No. RAJKOT/497/2021-2023. Posted at Rajkot RMS on 10th of Every Month

Mo - +91 70166 17891 Mo - +91 97263 68990

SHREE SIDDHI VINAYAK ADD.

All Type Of Textile, Product, Fashion, Garments, & E-Comorce Photography

HOUSE NO. 74774-75, SECOND FLOOR CHIDIA KUI STREET, BEHIND POLICE AAWASH-FALSAWADI BEGAM PURA, SURAT.

VISHWAKARMA VISHAWA (GUJARATI-MONTHLY)
Editor-Publisher-Owner & Printer: Pravin Dayaljibhai Gajjar (Bhadeshia), Printed & Published at Ramy Printers, 'Meghavi', R.M.C. Nagar, Near Jain Boarding, Airport Road, Rajkot-360007, (Gujarat)
If Undelivered Please Return : રમ્ય પબ્લીકેશન, ૩૨૦-હીરાપન્ના કોમ્પ્લેક્ષ, ડો. યાજ્ઞિક રોડ, રાજકોટ-૩૬૦૦૦૭